# ચારિત્રવિચાર

[ સમ્યગ્ ચારિત્રનું સ્વરૂપ ]

卐

ધર્મબોધ ગ્રંથમાળા

પુષ્પ : ૯ :

ધર્મબોધ ગ્રંથમાળા-પુષ્પ નવમું

# ચારિત્રવિચાર

## [ સમ્યક્ચારિત્રનું સ્વરૂપ ]

: લેખક :

ધીરજલાલ ટોકરશી શાહ.

卐

: પ્રકાશક :

શ્રી મુક્તિકમલ જૈન મોહનગ્રન્થમાળા.

કાર્યાધિકારી-લાલચંદ નંદલાલ શાહ

ઠે. રાવપુરા, ઘીકાંટા, વકીલ બ્રધર્સ પ્રેસ-વડોદરા.

: પ્રકાશક :
મુક્તિકમલ જૈન મોહનગ્રંથમાલા
રાવપુરા, મહાજન પોળ–વડોદરા.

આવૃત્તિ પહેલી.

પહેલી વાર

**દસ આના**

વિ. સં. ૨૦૦૮ વસંતપંચમી.

: મુદ્રક :
શા. ગુલાબચંદ લલ્લુભાઈ
શ્રી મહોદય પ્રીં. પ્રેસ–ભાવનગર.

# આભાર—દર્શન

卐

ગામ સમઢીયાળાના વતની ધર્મશ્રદ્ધાળુ શ્રેષ્ઠિ શ્રી ભાઇચંદ રૂપચંદ શાહ તથા અખંડ સૌ૦ બ્હેન શ્રી અચરત ભાઇચંદ શાહે આ ગ્રન્થમાળાનું પ્રકાશન સસ્તું રાખવામાં જનારી ખોટમાં આપેલી સહાય બદલ તેમનો હાર્દિક આભાર માનવામાં આવે છે.

—પ્રકાશક

# વિષયાનુક્રમ


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ૧ સમ્યક્ચારિત્ર | ૧ થી ૪૦ |
| (૧) સમ્યક્ચારિત્રનું મહત્ત્વ | ૧ |
| (૨) સમ્યક્ચારિત્રની વ્યાખ્યા | ૨ |
| (૩) છ પ્રકારની લેશ્યાઓ | ૨ |
| (૪) જંબૂવૃક્ષ અને છ પુરુષો (દૃષ્ટાંત) | ૩ |
| (૫) શુક્લલેશ્યાનું સ્વરૂપ | ૪ |
| (૬) મોહનાશની જરૂર | ૫ |
| (૭) બકરીઓ સિંહ (દૃષ્ટાંત) | ૬ |
| (૮) 'હું' દેહ નથી પણ આત્મા છું. | ૭ |
| (૯) જડ વસ્તુઓ 'મારી' નથી. | ૯ |
| (૧૦) સગપણ-સંબંધો કાલ્પનિક છે. | ૯ |
| (૧૧) અઢાર નાતરાંનો પ્રબંધ (દૃષ્ટાંત) | ૧૦ |
| (૧૨) લાભ બધાનો પણ પાપ પોતાનું | ૧૯ |
| (૧૩) રતનિયો ભીલ (દૃષ્ટાંત) | ૧૯ |
| (૧૪) પૌદ્‌ગલિક સુખોની અસારતા | ૨૨ |
| (૧૫) મોહનું મહાતાંડવ | ૨૪ |
| (૧૬) મોહથી ઉત્પન્ન થતા ભાવો. | ૨૬ |
| (૧૭) સ્વભાવ | ૩૦ |
| (૧૮) પરભાવ | ૩૧ |

( ૧૯ ) પરભાવ ટળ્યાની પરીક્ષા ૩૨
( ૨૦ ) જ્ઞાન અને ક્રિયાના સંયોગથી જ મોક્ષ છે. ૩૫
( ૨૧ ) આંધળો અને પાંગળો ( દૃષ્ટાંત ) ૩૬
( ૨૨ ) શૂન્ય ઘરનું દૃષ્ટાંત ૩૮
( ૨૩ ) જ્ઞાન, સંયમ અને તપ ૩૮
( ૨૪ ) એકનું પ્રતિપાદન એ બીજાનો નિષેધ નથી. ૩૯

૨ ચારિત્રધર્મ ૪૧ થી ૭૭

( ૨૫ ) ચારિત્રધર્મના પ્રકારો ૪૧
( ૨૬ ) પાપ વ્યાપાર ૪૧
( ૨૭ ) ત્યાગની વ્યાખ્યા ( સુબંધુનું દૃષ્ટાંત ) ૪૩
( ૨૮ ) સર્વત્યાગ અને દેશત્યાગ ૪૪
( ૨૯ ) સર્વવિરતિ ચારિત્ર ૪૫
( ૩૦ ) પહેલું પ્રાણાતિપાતવિરમણ-વ્રત ૪૬
( ૩૧ ) બીજું મૃષાવાદવિરમણ-વ્રત ૪૭
( ૩૨ ) ત્રીજું અદત્તાદાનવિરમણ-વ્રત ૪૭
( ૩૩ ) ચોથું મૈથુનવિરમણ-વ્રત ૪૮
( ૩૪ ) પાંચમું પરિગ્રહવિરમણ-વ્રત ૪૮
( ૩૫ ) રાત્રિભોજન વિરમણ-વ્રત ૪૯
( ૩૬ ) સવાર-સાંજ પ્રતિક્રમણ ૪૯
( ૩૭ ) ચરણસિત્તરી અને કરણસિત્તરી ૫૦
( ૩૮ ) મૃગાપુત્રની કથા ૫૯
( ૩૯ ) દેશવિરતિ ચારિત્ર ૬૪
( ૪૦ ) ઉપસંહાર ૭૭
( ૪૧ ) સુભાષિત ૭૮

: ૧ :

# સમ્યક્ ચારિત્ર

## (૧) સમ્યક્ ચારિત્રનું મહત્ત્વ.

ચારિત્રનું મહત્ત્વ પ્રકાશતાં અધ્યાત્મના ઊંડા અનુભવી આર્ય મહર્ષિઓ કહે છે કે—

"જેમ વહાણનો નિર્યામક જ્ઞાનવાળો હોવા છતાં અનુકૂળ પવન વિના ઇચ્છિત બંદરે પહોંચી શકતો નથી, તેમ જીવ પણ જ્ઞાની હોવા છતાં (સમ્યક્) ચારિત્રરૂપી પવન વિના સિદ્ધિસ્થાનને પામતો નથી.

"હે દેવાનુપ્રિય ! તું ઘણી મહેનતે મનુષ્યપણું પામ્યો અને શ્રુતનું આરાધન કરીને જ્ઞાની થયો, પરંતુ જો (સમ્યક્) ચારિત્રથી રહિત થઈશ તો ફરી સંસારમાં ડૂબી જઈશ, કારણ કે ઘણું સારું જાણનારા જ્ઞાનીઓ પણ (સમ્યક્) ચારિત્રથી રહિત હોવાનાં કારણે આ સંસારમાં ડૂબ્યા છે.

"ઘણું શ્રુત ભણેલો હોય પણ (સમ્યક્) ચારિત્રથી રહિત હોય તો તેને અજ્ઞાની જ જાણવો, કારણ કે તેનું જ્ઞાન શૂન્ય

ફળવાળું છે, અંધ મનુષ્ય આગળ લાખો-ક્રોડો દીવાઓ પ્રકટાવ્યા હોય તો પણ તે શું કામના ?

"ચક્ષુવાળાને એક દીવો પણ ત્યાગ અને ગ્રહણ આદિ ક્રિયાના હેતુથી પ્રકાશક થાય છે, તેમ (સમ્યક્) ચારિત્રવાળાને થોડું જ્ઞાન પણ પ્રકાશક થાય છે.

"જેમ ચંદનનો ભાર વહન કરનારો ગધેડો તેના ભારનો જ ભાગી થાય છે, પણ તેની સુગંધનો ભાગી થતો નથી, તેમ (સમ્યક્) ચારિત્રથી રહિત એવો જ્ઞાની પઠન-ગુણન-પરાવર્તન-ચિંતનાદિ કષ્ટનો ભાગી થાય છે, પરંતુ તેનાથી પ્રાપ્ત થનાર સિદ્ધિલક્ષણા સદ્ગતિનો ભાગી થતો નથી."

## (૨) સમ્યક્ ચારિત્રની વ્યાખ્યા.

સમ્યક્ ચારિત્ર કોને કહેવાય ? તેનો ઉત્તર આપતાં નિર્ગ્રંથ મહાત્માઓ જણાવે છે કે—

"જાણ ચારિત્ર તે આતમા, નિજ સ્વભાવમાં રમતો રે !
લેશ્યા શુદ્ધ અલંકર્યો, મોહ-વને નવિ ભમતો રે !"

(૧) શુદ્ધ લેશ્યાથી અલંકૃત (૨) મોહવનમાં નહિ ભમનારો અને (૩) નિજ સ્વભાવમાં મગ્ન એવો આત્મા તે જ ચારિત્ર છે."

## (૩) છ પ્રકારની લેશ્યાઓ.

આત્માની પરિણતિને અથવા જીવના અધ્યવસાય-વિશેષને લેશ્યા કહેવામાં આવે છે. તેના રંગના ધોરણે છ પ્રકારો પાડવામાં આવ્યા છે. જેમ કે (૧) કૃષ્ણ-કાળી, (૨) નીલ-

વાદળી, (૩) **કાપોત**-કત્થાઇ, (૪) **પીત**-પીળી, (૫) **પદ્મ**-ગુલાબી અને (૬) **શુકલ**-શ્વેત. તેમાં કાળા કરતાં વાદળી રંગ ઓછો ઘેરો હોય છે, વાદળી કરતાં કત્થાઇ રંગ ઓછો ઘેરો હોય છે, કત્થાઇ કરતાં પીળો રંગ ઓછો ઘેરો હોય છે, પીળા કરતાં ગુલાબી રંગ ઓછો ઘેરો હોય છે અને ગુલાબી રંગ કરતાં શ્વેત રંગ ઓછો ઘેરો હોય છે, તે એટલે સુધી કે તેમાં જરાયે ઘેરાપણું દેખાતું નથી. તે રીતે કૃષ્ણ લેશ્યાવાળાના અધ્યવસાયો ઘણા મલિન હોય છે, નીલ લેશ્યાવાળાના અધ્યવસાયો તેનાથી ઓછા મલિન હોય છે, કાપોત-લેશ્યાવાળાના અધ્યવસાયો તેનાથી ઓછા મલિન હોય છે, પીતલેશ્યાવાળાના અધ્યવસાયો તેનાથી ઓછા મલિન હોય છે, પદ્મલેશ્યાવાળાના અધ્યવસાયો તેનાથી ઓછા મલિન હોય છે અને શુકલલેશ્યાવાળાના અધ્યવસાયો તદ્દન શુદ્ધ હોય છે.

અધ્યવસાયોની આ તરતમતા સમજવા માટે **જંબૂવૃક્ષ અને છ પુરુષોનું** દૃષ્ટાંત વિચારવા યોગ્ય છે, તે આ રીતે;

## (૪) જંબૂવૃક્ષ અને છ પુરુષો.

કોઈ છ પુરુષો પ્રવાસ કરતાં અત્યંત ક્ષુધાતુર થયા. તેવામાં એક જંબૂવૃક્ષ જોવામાં આવ્યું, જે પકવ અને મધુર ફ્લોથી ભરેલું હતું. એટલે પહેલા પુરુષે કહ્યું: 'આ જંબૂ-વૃક્ષને થડમાંથી જ કાપી નાખો કે જેથી તેના પરનાં સઘળાં ફળો પેટ ભરીને ખાઈએ.' બીજાએ કહ્યું: 'તેને થડમાંથી કાપવાની શી જરૂર છે? તેનું એક મોટું ડાળું જ તોડી પાડો, એટલે આપણું કામ પતી જશે.' ત્રીજાએ કહ્યું: 'મોટું

ડાળું તોડી પાડવાની આવશ્યકતા નથી, તેની એક નાની ડાળી જ બસ છે, કારણ કે તેના પર જાંબુ ઘણાં છે. ચોથાએ કહ્યું: 'મોટી કે નાની ડાળી તોડવાની જરૂર નથી. માત્ર ફળવાળાં લુમખાં જ તોડો એટલે આપણું કામ પત્યું.' પાંચમાએ કહ્યું: 'એવું શા માટે? ફળ સાથે પાંદડાં તોડવાની શું જરૂર? માટે ઉપર ચડીને પાકાં જાંબુ જ પાડો.' છઠ્ઠાએ કહ્યું: 'અહીં ઘણાં જાંબુ પડેલાં છે, તો ઉપર ચડીને નવાં જાંબુ પાડવાની શી જરૂર છે? આપણું કામ ઉદરતૃપ્તિનું છે અને તે એનાથી બરાબર થઈ શકે એમ છે.' આ સાંભળી બધાએ નીચે પડેલાં તાજાં જાંબુ વીણી લીધાં અને તેનાથી ઉદરતૃપ્તિ કરી. તાત્પર્ય કે--જીવન ધારણ કરવા માટે બેશુમાર હિંસા અને નિરર્થક પ્રવૃત્તિ એ કૃષ્ણલેશ્યા છે અને હિંસા-વિહીન સાર્થ પ્રવૃત્તિ એ શુકલલેશ્યા છે.

## (૫) શુક્લલેશ્યાનું સ્વરૂપ.

શાસ્ત્રકાર મહર્ષિઓ શુકલલેશ્યાવંતનું ચિત્ર આ રીતે દોરે છે :

अट्टरुद्दाणि वज्जित्ता, धम्मसुक्काणि झायए ।
पसन्तचित्ते दन्तप्पा, समिए गुत्ते य गुत्तिसु ॥
सरागे वीयरागे वा उवसन्ते जिइन्दिए ।
एयजोगसमाउत्तो, सुक्कलेसं तु परिणमे ॥

(૧) જે આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાન એટલે દુઃખ અને હિંસામય વિચારો છોડીને ધર્મ અને શુક્લધ્યાન એટલે પવિત્ર અને નિર્મલ વિચારો કરે છે. (૨) જેનું ચિત્ત ગમે તેવા

અનુકૂળ કે પ્રતિકૂળ પ્રસંગોમાં પણ પ્રસન્ન હોય છે. (૩) જે આત્માનું દમન કરે છે એટલે કે તેને ઉન્માર્ગે જવા દેતો નથી. (૪) જે ઈર્યા, ભાષા, એષણા, આદાન-નિક્ષેપ અને પારિષ્ઠાપનિકા એ પાંચ સમિતિઓથી--સમ્યક્ ક્રિયાઓથી યુક્ત હોય છે. (૫) જે મનોગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિથી યુક્ત હોય છે. (૬) જે અત્યંત અલ્પરાગી કે વીતરાગી હોય છે. (૭) જેના ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાયો ઉપશાંત થયેલા હોય છે અને (૮) જેની પાંચે ઇંદ્રિયો કાબૂમાં હોય છે. આવા ગુણોથી યુક્તને શુકલલેશ્યાના પરિણામવાળો જાણવો.

## (૬) મોહનાશની જરૂર.

શુકલલેશ્યાનું આ સ્વરૂપ સમ્યક્ ચારિત્રનું સંપૂર્ણ ચિત્ર ખડું કરે છે, પણ એ અવસ્થાએ પહોંચવા માટે મોહનો નાશ કરવાની જરૂર છે કે જેના લીધે આ જીવને મિથ્યા ભ્રમણાઓ થાય છે, અસત્ કલ્પનાઓ ઊઠે છે અને સ્વચ્છંદે વર્તવાની વૃત્તિ જાગે છે. મોહની આ લીલા સમજવા માટે આપણા પોતાના જીવનનું તેમજ આપણી આસપાસ પથરાયેલા જગત્નું ઉઘાડી આંખે નિરીક્ષણ કરવાની જરૂર છે.

વ્યવહારમાં આપણે 'હું' અને 'મારું' એ બે શબ્દોનો ખૂબ જ ઉપયોગ કરીએ છીએ, પણ કદી શાંત ચિત્તે વિચાર કરીએ છીએ ખરા કે 'હું કોણ છું? અને કોને મારું માની રહ્યો છું?' આપણે દેહને જ હું માનીને પ્રાયઃ બધો વ્યવહાર ચલાવીએ છીએ, પણ તે આપણી એક ચિરકાલીન ભૂલ છે કે જેવી ભૂલ બકરીઆ સિંહે કરી હતી.

## (૭) બકરીઓ સિંહ.

એક ભરવાડ વનમાં બકરાં ચારતો હતો, ત્યાં તરતનું જન્મેલું એક સિંહનું બચ્ચું જોવામાં આવ્યું એટલે તેને ઘેર લાવ્યો અને બકરાનું દૂધ પાઈને મોટું કર્યું. હવે તે સિંહ બકરાંના વાડામાં રહેતો હતો અને જ્યારે બકરાં ચરવા જાય ત્યારે તેમની સાથે ચરવા જતો હતો. ત્યાં તે બકરાંની સાથે જ હરતો–ફરતો, બકરાંની સાથે જ ઊઠતો–બેસતો અને બકરાંની સાથે જ ખાતો–પીતો. આમ ઘણા સમય સુધી બકરાં-ની સોબતમાં રહેવાથી તે સિંહ પોતાને બકરો જ માનતો હતો અને પોતાનો સર્વ જીવન--વ્યવહાર તે મુજબ જ ચલાવતો હતો. એવામાં એક દિવસ વનનો બીજો સિંહ ત્યાં આવી ચડ્યો અને તેણે પોતાના સ્વભાવ મુજબ મોટી ગર્જના કરી. એટલે સઘળાં બકરાં નાસવા લાગ્યાં અને તેમની સાથે પેલો બકરીઓ સિંહ પણ નાસવા લાગ્યો. એ જોઈને વનના સિંહે કહ્યું કે: ' અરે ભાઈ! મારી ગર્જનાથી બકરાં તો નાસી જાય, પણ તું કેમ નાસે છે? તું તો મારા જેવો જ સિંહ છે!'

ત્યારે બકરીઓ સિંહ બોલ્યો કે ' તારું કહેવું મિથ્યા છે. હું સિંહ નથી પણ બકરો છું અને તારું ખાજ હોવાથી તારાથી ભય પામીને નાસી જઉં છું.'

આ જવાબથી વનનો સિંહ સમજી ગયો કે--આ સિંહ ઘણા દિવસ સુધી બકરાંના સંગમાં રહ્યો છે તેથી પોતાને બકરો માની બેઠો છે. પરંતુ તેનો એ ભ્રમ ભાંગવો ઘટે છે. એટલે તેણે કહ્યું કે ' ભાઈ! મારું કહેવું મિથ્યા છે કે સાચું

છે તેની ખાતરી કર. ક્યાં બકરાનું શરીર અને ક્યાં તારું શરીર? બકરાં કરતાં તું કેટલો બધો મોટો છે? કદાચ તું એમ સમજતો હોઇશ કે મારું શરીર બહુ મોટું છે, તેથી હું મોટો બકરો છું, પણ એ હકીકત સાચી નથી. તારું મોઢું મારા મોઢા જેવું ગોળ છે, પણ બકરાનાં મોઢાં જેવું લાંબું નથી. તારી કેડ મારી કેડ જેવી પાતળી છે પણ બકરાંની કેડ જેવી જાડી નથી. વળી તારા પગે મારી માફક નહોર છે પણ બકરાંની માફક ખરીઓ નથી. તેમજ તારું પૂછડું મારાં પૂંછડાની જેમ લાંબું છે પણ બકરાંની પૂંછડીની જેમ તદ્દન ટૂંકું નથી, અને તારી ગરદન પર સુંદર કેશવાળી ઊગેલી છે કે જેવી કેશવાળી મારી ગરદન પર પણ ઊગેલી છે. શું આવી સુંદર કેશવાળી બીજા કોઇ બકરાંની ગરદન પર ઊગેલી જણાય છે ખરી? તથા બકરામાં અને તારામાં મોટો તફાવત તો એ છે કે--દરેક બકરાંનાં માથા પર બબ્બે શીંગડાં ઊગેલાં છે, જ્યારે તારા માથા પર એક પણ શિંગડું ઊગેલું નથી કે જે પ્રમાણે મારા માથા પર પણ ઊગેલું નથી, માટે ભ્રમને દૂર કર અને તું પણ મારા જેવો જ સિંહ છે, એમ સમજી લે.'

આ શબ્દો સાંભળતાં જ બકરીઆ સિંહની આંખ ઊઘડી ગઇ, તેનો ભ્રમ ભાંગી ગયો અને તે પોતાને સિંહ સ્વરૂપે જોવા લાગ્યો. પછી તે પેલા સિંહની સાથે વનમાં ગયો અને ત્યાં સિંહનું જીવન જીવીને સુખી થયો.

## (૮) 'હું' દેહ નથી પણ આત્મા છું.

તાત્પર્ય કે-આપણે દીર્ઘકાલના મોહજન્ય સંસ્કારોથી

આપણું મૂળસ્વરૂપ ભૂલી ગયા છીએ અને દેહને જ હું માનવા લાગ્યા છીએ, પણ એ વિચાર કરતા નથી કે–

(૧) આપણો આત્મા સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દથી રહિત એવો ચૈતન્ય દેવ છે, જ્યારે દેહ તો લોહી, માંસ, ચરબી, હાડકાં અને ચામડાંરૂપ પુદ્ગલની બનાવટ છે, તો તે 'હું' કેમ હોઇ શકે?

(૨) આપણો આત્મા શસ્ત્રોથી છેદાતો નથી, અસ્ત્રોથી ભેદાતો નથી, રોગથી ઘેરાતો નથી કે કદી વિકૃતિ પામતો નથી, જ્યારે દેહ તો શસ્ત્રોથી છેદાય છે, અસ્ત્રોથી ભેદાય છે, રોગથી ઘેરાય છે અને ગમે ત્યારે વિકૃતિ પામે છે, તો તે 'હું' કેમ હોઇ શકે?

(૩) આપણો આત્મા કદી જન્મેલો નથી એટલે અજ છે, કદી વૃદ્ધ થતો નથી એટલે અજર છે અને કદી મૃત્યુ પામતો નથી એટલે અમર છે, જ્યારે દેહ તો જન્મેલો છે, વૃદ્ધાવસ્થાને પામનારો છે અને મૃત્યુ આવ્યે તેને આધીન થનારો છે, તો તે 'હું' કેમ હોઇ શકે?

(૪) આપણો આત્મા પવિત્ર છે, શુદ્ધ છે તથા અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર અને અનંત વીર્યનો સ્વામી છે, જ્યારે દેહ તો અપવિત્રતાથી ભરેલો છે, અશુચિનું ધામ છે અને તેના દશ દરવાજેથી લીંટ, લાળ, પ્રસ્વેદ વગેરે ગંદકીનો પ્રવાહ નિરંતર વહ્યા કરે છે, તો તે 'હું' કેમ હોઈ શકે?

એટલે 'હું દેહ નથી, પણ આત્મા છું' એવો વિચાર બરાબર સ્થિર થવો ઘટે છે.

## (૯) જડ વસ્તુઓ 'મારી' નથી.

મોહના પરિબળને લીધે આપણે ત્રાંબા, જસત, રૂપા તથા સોનાના ચૈતન્યહીન ટુકડાઓને 'મારા' માની લઈએ છીએ; હીરા, માણેક, નીલમ તથા મોતી જેવા નિર્જીવ પદાર્થોને 'મારા' માની લઈએ છીએ અને ઈંટ, પત્થર, ચુના તથા લાકડાં-લોઢાનાં જડ મકાનોને પણ 'મારા' માની લઈએ છીએ; પણ એ વિચાર કરતા નથી કે જે વસ્તુઓ ચૈતન્યહીન છે, નિર્જીવ છે, જડ છે, તે મારી કેમ હોઈ શકે? શું બકરીનું બચ્ચું ઘોડાનું થાય છે? ઘોડાનું બચ્ચું ઊંટનું બચ્ચું થાય છે? કે ઊંટનું બચ્ચું હાથીની સંજ્ઞા ધારણ કરે છે? જો એનો જવાબ નકારમાં હોય-નકારમાં જ હોય-તો પછી જડ વસ્તુઓને આત્માની માની લેવામાં કઈ બુદ્ધિમત્તા છે?

એટલે 'જડ વસ્તુઓ 'મારી' નથી, પણ જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ મારાં છે' એવો વિચાર સ્થિર થવો ઘટે છે.

## (૧૦) સગપણ-સંબંધો કાલ્પનિક છે.

મોહના પરિબળને લીધે, આપણે 'મારી માતા' 'મારા પિતા,' 'મારી પત્ની,' 'મારા પુત્રો,' 'મારી પુત્રીઓ,' 'મારાં કુટુંબીઓ,' 'મારાં સ્વજનો,' 'મારાં સંબંધીઓ' એમ જુદાં જુદાં સગપણ--સંબંધો માની લઈએ છીએ પણ તે વાસ્તવિક નથી. કારણ કે—

**"जणणी जायइ जाया, जाया माया पिया य पुत्तो य।**
**अणवत्था संसारे, कम्मवसा सव्वजीवाणं ॥"**

"જે એક ભવમાં જનની હોય છે, તે બીજા ભવમાં જાયા (પત્ની) બને છે અને જે એક ભવમાં જાયા હોય છે, તે બીજા ભવમાં જનની બને છે. તે જ રીતે જે એક ભવમાં પિતા હોય છે, તે બીજા ભવમાં પુત્ર બને છે અને જે એક ભવમાં પુત્ર હોય છે, તે બીજા ભવમાં પિતા બને છે. એટલે કર્મને વશ થયેલા જીવોને આ સંસારમાં વાસ્તવિક સગપણ--સંબંધ જેવું કંઇ જ નથી."

વળી એક જ ભવમાં સંસારનાં સગપણ–સંબંધો એવી રીતે ગુંચવાઈ જાય છે કે--એક બાળકને ભાઈ, પુત્ર, દિયર, ભત્રીજો, કાકો અને પૌત્ર કહેવાનો પ્રસંગ આવે છે; એક જ પુરુષને ભાઇ, પિતા, વડદાદો, ભરતાર, પુત્ર અને સસરો કહેવાનો પ્રસંગ આવે છે; અને એક જ સ્ત્રીને માતા, દાદી, ભોજાઇ, પુત્રવધૂ, સાસુ અને શોકય કહેવાનો પ્રસંગ આવે છે. આ વાતની વિશેષ પ્રતીતિ કુબેરદત્તાની કથા યાને અઢાર નાતરાંનો પ્રબંધ જાણવાથી થઇ શકશે.

## (૧૧) અઢાર નાતરાંનો પ્રબંધ.

ધનધાન્યથી સમૃદ્ધ, ઋદ્ધિસિદ્ધિથી ભરપૂર અને વૈભવ-વિલાસથી પૂર્ણ **મથુરા** નામે નગરી હતી. ત્યાં વિવિધ પ્રકારના લોકો વસતા હતા અને વિવિધ પ્રકારના વ્યવસાયો કરતા હતા. તેમાં કેટલીક સ્ત્રીઓ દુર્ભાગ્યના યોગે પોતાનો દેહ વેચીને જીવન-નિર્વાહ કરતી હતી. આ વર્ગમાં **કુબેરસેના** નામની એક સ્ત્રી હતી, જે પોતાના રૂપ–લાવણ્યને લીધે ઘણી પ્રશંસા પામી હતી.

એક વખત તેના પેટમાં પીડા ઉત્પન્ન થઇ એટલે તેની

રખેવાળી કરનારી કુટ્ટિની-માતાએ ચિકિત્સાનિપુણ વૈદ્યને બોલાવ્યો અને તેની યોગ્ય ચિકિત્સા કરવાનું જણાવ્યું. વૈદ્યે તેનું શરીર તપાસીને તથા નાડીપરીક્ષા કરીને કહ્યું કે 'આના શરીરમાં કોઇપણ પ્રકારનો રોગ નથી, પણ પુત્ર--પુત્રીનું જોડલું ઉત્પન્ન થયું છે તેથી જ આ પીડા પ્રવર્તે છે."

આ શબ્દો સાંભળીને કુટ્ટિનીએ વૈદ્યને વિદાય કર્યો અને કુબેરસેનાને કહ્યું કે "હે પુત્રી ! આ ગર્ભ તારા પ્રાણનો નાશ કરશે, માટે રાખવા યોગ્ય નથી."

કુબેરસેના વેશ્યાનો વ્યવસાય કરતી હતી, પણ છેક હૃદયહીન ન હતી એટલે અપત્ય-પ્રેમની એક અવ્યક્ત ઊર્મિ તેના હૃદયને સ્પર્શી ગઇ અને તેણે કહ્યું કે: "માતા! ભવિતવ્યતાના યોગે મારા ઉદરમાં ગર્ભ ઉત્પન્ન જ થયો છે, તો તે કુશલ રહો. તેના માટે હું ગમે તેવો કઠિન ક્લેશ સહન કરીશ, પરંતુ ગર્ભપાત તો નહિ જ કરું. મેં સાંભળ્યું છે કે જેઓ કાચા ગર્ભને ગાળે છે, કોઇ પણ પ્રકારે ભ્રૂણની હત્યા કરે છે, તેઓ અન્ય જન્મમાં નરકની ભયંકર યાતનાઓ સહન કરે છે અને તેમના ક્લેશનો કોઇ સીમા હોતી નથી. તેના કરતાં હું અત્યારે થોડો ક્લેશ સહન કરી લઉં તે શું ખોટું છે ?"

કુબેરસેના પોતાના આ નિશ્ચયને મક્કમતાથી વળગી રહી અને યોગ્ય સમયે તેણે પુત્ર-પુત્રીનું એક જોડલું પ્રસવ્યું. તે વખતે પેલી કુટ્ટિની માતાએ કહ્યું કે "દીકરી ! પુત્ર-પુત્રીના આ જોડલાને ઉછેરતા તારી જુવાનીનો નાશ થશે, માટે વિષ્ઠાની પેઠે તેનો ત્યાગ કર અને જેના પર આજીવિકાનો મુખ્ય આધાર છે તે જુવાનીને જાળવી રાખ."

આ શબ્દો સાંભળીને કુબેરસેનાએ જણાવ્યું કે " માતા ! તમારું કહેવું એક રીતે ઠીક છે, પણ મને આ પુત્ર–પુત્રી પર મમત્વ છે, માટે થોડા દિવસ તેમને સ્તનપાન કરાવવા દો. પછી હું તમારા કહ્યા પ્રમાણે કરીશ." અને કુબેરસેનાએ એ પુત્ર--પુત્રીને દશ દિવસ પ્રેમપૂર્વક સ્તનપાન કરાવ્યું. પછી અગિયારમા દિવસે પુત્રનું નામ **કુબેરદત્ત** અને પુત્રીનું નામ **કુબેરદત્તા** પાડી, તે પ્રમાણેના અક્ષરો સોનાની બે મુદ્રિકાઓ પર કોતરાવીને, તે તે મુદ્રિકાવાળો સોનાનો અછોડો તેમના ગળામાં પહેરાવ્યો અને તે બંનેને લાકડાની એક પેટીમાં મૂકીને સંધ્યાસમયે તે પેટીને જમના નદીના પ્રવાહમાં તરતી મૂકી દીધી.

ગર્ભાવસ્થામાં જેમની પૂરેપૂરી રક્ષા કરી હતી, જેમને પ્રેમપૂર્વક દશ દિવસ સુધી સ્તનપાન કરાવ્યું હતું, તેમને આ રીતે નદીના પ્રવાહમાં વહાવી દેતાં કુબેરસેનાને અકથ્ય વેદના થઇ, પરંતુ અન્ય ઉપાય નહિ હોવાથી તેણે એ વેદના સહન કરી લીધી અને પાછી પોતાના વ્યવસાયમાં લાગી ગઇ.

આ તરફ પેલી લાકડાની પેટી નદીના પ્રવાહમાં તણાતી તણાતી પ્રભાતસમયે **શૌર્યપુર** નગરે આવી અને સ્નાન કરવા માટે આવેલા બે શ્રેષ્ઠીપુત્રોની નજરે ચડી. એટલે તેમણે એ પેટીને સાચવીને બહાર કાઢી અને ઉઘાડીને જોયું તો તેમાં બે બાળકો નજરે પડ્યાં. તેમાં પુત્રનો અર્થી હતો તેણે પુત્રને લીધો અને પુત્રીનો અર્થી હતો તેણે પુત્રીને લીધી અને એ રીતે તે બંનેએ પોતાના ઘેર જઇને તેમણે પોતાની પત્નીઓને સોંપ્યા. ત્યાં મુદ્રિકામાં લખેલા અક્ષરો અનુસાર તેમનાં કુબેરદત્ત અને કુબેરદત્તા એવાં નામો પાડવામાં આવ્યાં અને તે બંને

સુખચેનથી ઉછરતાં મોટાં થયાં ત્યારે પેલી મુદ્રિકાઓ તેમને પહેરાવવામાં આવી.

હવે કુબેરદત્તને યુવાન થયેલો જાણી તેનો પાલક પિતા તેના માટે યોગ્ય કન્યાની શોધ કરવા લાગ્યો અને આ બાજુ કુબેરદત્તાને યુવાન થયેલી જાણીને તેનો પાલક પિતા પણ યોગ્ય વરની તપાસમાં પડ્યો. પરંતુ ઘણી ઘણી તપાસ કરવા છતાં ન તો કુબેરદત્તને યોગ્ય કન્યા મળી કે ન તો કુબેરદત્તાને યોગ્ય વર મળ્યો. તેથી તે બંને પાલક પિતાઓએ કુબેરદત્ત અને કુબેરદત્તાનો જ માંહોમાંહે સંબંધ કર્યો અને ઘણા ઉત્સવપૂર્વક તેમનાં લગ્ન કરી પોતાની જવાબદારીનો બોજ હલકો કર્યો.

કુબેરદત્તને સોહામણી સહચારિણી જોઈ આનંદ થયો. કુબેરદત્તાને કોડીલો કંથ મળવાથી નિરાંત થઈ. અને તે બંને જણ પ્રેમના પહેલા પગથિયારૂપ સોગઠાંબાજી રમવા બેઠાં. તે વખતે હાથનું જોરથી હલનચલન થતાં કુબેરદત્તના હાથમાંથી મુદ્રિકા નીકળી ગઇ અને તે કુબેરદત્તાના ખોળામાં જઇ પડી. એટલે કુબેરદત્તાએ તે મુદ્રિકા ઉઠાવી લીધી અને પોતાની આંગળીમાં પહેરી પરંતુ તેમ કરતાં બંને મુદ્રિકાઓ એક સરખી જ લાગી અને તેમાં કોતરેલા અક્ષરો પણ સમાન મરોડવાળા જ જણાયા. આથી ચતુર કુબેરદત્તા સમજી ગઈ કે “ કહો, ન કહો, પણ કુબેરદત્ત મારો સગો ભાઇ છે અને અમારો વિવાહ થયો તે ઘણું જ અનુચિત થયું છે. ” પછી તેણે એ બંને મુદ્રિકાઓ કુબેરદત્ત આગળ મૂકી, એટલે તેને પણ એ મુદ્રિકાઓ સમાન લાગી અને તેમાંનાં અક્ષરો એક જ હાથે કોતરાયેલા જણાયા. આથી તે પણ સમજી ગયો

કે "કુબેરદત્તા મારી બહેન છે અને તેની સાથે મારાં લગ્ન થયાં, તે ઘણું જ ખોટું થયું છે."

પછી આ વાતની વિશેષ ખાતરી કરવા તેમણે પોતપોતાની માતાઓને સોગન દઈને પૂછયું કે "અમારી ઉત્પત્તિ શી રીતે થઈ છે, તે કહો.' ત્યારે તેમની માતાઓએ નદીના પ્રવાહમાં પેટી તણાતી આવી હતી ત્યાંથી માંડીને બધી હકીકત અક્ષરશઃ કહી સંભળાવી. આ સાંભળીને કુબેરદત્તે પોતાના પાલક માતાપિતાને કહ્યું કે "હે માતા ! હે પિતા ! અમે સાથે જન્મેલાં છીએ, એમ જાણવા છતાં તમે અમારો વિવાહ--સંબંધ કેમ કર્યો ?" ત્યારે પાલક માતા–પિતાએ કહ્યું કે "અમે ઘણો ઘણો પ્રયત્ન કર્યો પણ તારા યોગ્ય અન્ય કન્યા નહિ જડવાથી આ કામ કર્યું છે. પરંતુ હજી કંઈ બગડી ગયું નથી. માત્ર તમારો હસ્તમેલાપ જ થયો છે પણ શરીરસંયોગ થયો નથી, એટલે આ વિવાહ ફોક કરીને તને બીજી કન્યા પરણાવીશું."

કુબેરદત્તે કહ્યું: "આપનો આ વિચાર યોગ્ય છે, પણ હાલ તો હું પરદેશ જઈને ધન કમાવાની ઈચ્છા રાખું છું અને તે પ્રાપ્ત કર્યાબાદ જ બીજાં લગ્ન કરીશ; માટે મને આજ્ઞા આપો."

કુબેરદત્તનાં આવાં વચનો સાંભળીને તેના પાલક માતા-પિતાએ તેને પરદેશ જવાની રજા આપી અને એક શુભ દિવસે તેણે ઘણાં કરિયાણાં લઈને પરદેશ ભણી પ્રયાણ કર્યું. હવે તે કુબેરદત્ત પોતાની પાસેનાં કરિયાણાંને વેચતો અને તેમાંથી ઉપજેલાં નાણાંમાંથી નવાં નવાં કરિયાણાં ખરીદ

કરતો એક દિવસ મથુરા નગરીએ આવી પહોંચ્યો અને ત્યાં બહોળો વેપાર કરીને ખૂબ ધન કમાવા લાગ્યો.

સાપના કરંડિયાને સાચવવો અને જુવાનીને જાળવવી એ બંને કામ સરખાં છે. જો સાપનો કરંડિયો જરાયે ખુલ્લો રહી ગયો કે તેમાંનો સાપ બહાર નીકળી આવે છે અને ગફલતમાં રહેલા તેના માલીકને દંશ દઇને તેનો પ્રાણ હરી લે છે, તે જ રીતે જુવાની બરાબર ન જળવાણી કે તેમાં છુપાઈ રહેલો કામ-વાસનારૂપી સર્પ બહાર નીકળી આવે છે અને તેના માલીકને દંશ દઈને તેનો ચારિત્રરૂપી પ્રાણ હરી લે છે.

કુબેરદત્ત પોતાની જુવાનીને જાળવી શક્યો નહિ, કામ-વાસનાએ તેને તીણો દંશ દીધો, અને એક સંધ્યાકાળે તે મથુરાના રૂપબજારમાં નીકળી પડ્યો. અહીં નાની--મોટી અનેક રમણીઓ પોતાનાં રૂપનું છડેચોક લીલામ કરી રહી હતી અને જે સોદાગર વધારે મૂલ્ય આપતો તેને પોતાનો દેહ સમર્પણ કરતી હતી.

કુબેરદત્ત પાસે ધનની કમી ન હતી, એટલે તેણે મથુરાના રૂપબજારનું સર્વશ્રેષ્ઠ રૂપ ખરીદવાનો નિર્ણય કર્યો અને એમ કરતાં તે કુબેરસેનાના દ્વારે આવી ઊભો. એક રંગીલા પરદેશી જુવાનને જોઇને કુબેરસેનાએ તેનો સારી રીતે આદરસત્કાર કર્યો અને અનેક પ્રકારના હાવભાવથી તેના દિલને રંજિત કર્યું.

કુબેરસેના આધેડ ઉમરે પહોંચી હતી પણ તેણે પોતાની જુવાની જાળવી રાખી હતી અને હાવભાવ તથા અભિનયમાં તો તે અજોડ હતી. એટલે કુબેરદત્ત તેના પર લટ્ટુ બન્યો અને

માં-માગ્યું ધન આપીને તેને ત્યાં જ રહેવા લાગ્યો. કુબેર-સેનાને જોઇતું ધન મળવાથી તેણે અન્ય પુરુષો સાથે મહોબત કરવી છોડી દીધી અને એક કુબેરદત્તમાં જ મન પરોવીને રહેવા લાગી. એમ કરતાં તે એક પુત્રની માતા થઇ.

આ બાજુ કુબેરદત્તાએ સંસારના વિષમ સ્વરૂપથી વૈરાગ્ય પામીને પવિત્ર પ્રવજ્યા ગ્રહણ કરી અને આકરા તપના યોગથી થોડા જ વખતમાં અવધિજ્ઞાન પ્રાપ્ત કર્યું. આ જ્ઞાનના બળથી તે અમુક અંતરે રહેલા પદાર્થોને પણ સાક્ષાત્ જોવા લાગી. તેમાં તેણે મથુરાનગરી જોઇ, પોતાના ભાઈ કુબેરદત્તને જોયો, પોતાની માતા કુબેરસેનાને જોઇ તથા તેને ઉત્પન્ન થયેલા પુત્રને પણ જોયો. અને તેના મુખમાંથી એકાએક શબ્દો સરી પડ્યા કે 'ધિક્કાર હો આ સંસારને! જેમાં પ્રાણીઓ વિષયાધીન થઇને ગમે તેવું અકાર્ય કરતાં પણ અચકાતા નથી!' પછી તે કુબેરદત્તા સાધ્વી પોતાની માતા તથા ભાઇનો ઉદ્ધાર કરવાના હેતુથી અન્ય સાધ્વીઓ સાથે મથુરામાં આવી અને કુબેરસેનાને ત્યાં ધર્મલાભ આપીને ઊભી રહી.

એક યુવાન આર્યાને પોતાના અપવિત્ર આંગણામાં કેટલીક સાધ્વીઓ સાથે ઊભેલી જોઇને કુબેરસેના પ્રથમ તો કંઈક સંકોચ પામી પણ પછી હાથ જોડીને નમસ્કાર કરતાં બોલી કે 'હે મહાસતી! મારી કોઈ પણ વસ્તુ સ્વીકારીને મારા પર અનુગ્રહ કરો.' ત્યારે કુબેરદત્તા સાધ્વીએ કહ્યું કે 'અમારે વસતિ( ઉતરવાની જગ્યા )નો ખપ છે.'

આ શબ્દો સાંભળીને કુબેરસેનાએ કહ્યું કે 'હે મહાસતી!

હું વેશ્યા છું, પણ હમણાં એક ભર્તારના સંયોગથી કુલસ્ત્રી બનેલી છું, તો મારા ઘરનો એક ભાગ આપ સુખેથી વાપરો અને અમને રૂડા આચારમાં પ્રવર્તાવો.'

કુબેરસેનાએ આપેલા ઉપ-આશ્રયમાં કુબેરદત્તા અને બીજી સાધ્વીઓ રહે છે અને પ્રસંગોપાત્ત ધર્મનો ઉપદેશ કરે છે. એમ કરતાં કુબેરસેનાનું મન મળ્યું, એટલે એક દિવસ બપોરે તે પોતાના પુત્રને સાધ્વીઓની આગળ જમીન પર રમતો મૂકીને ઘરકામમાં ગુંચાઇ, પરંતુ માતા દૂર જતાં તે પુત્ર મોટેથી રડવા લાગ્યો, એટલે કુબેરદત્તા સાધ્વી તેને છાનો રાખવા માટે કહેવા લાગી કે: 'હે ભાઈ! તું રડમા. હે પુત્ર! તું રડ મા. હે દિયર! તું રડ મા. હે ભત્રીજા! તું રડ મા. હે કાકા તું રડ મા. હે પૌત્ર તું રડ મા.'

આ શબ્દો બાજુના ઓરડામાં બેઠેલા કુબેરદત્તે સાંભળ્યા એટલે તે બહાર આવ્યો અને કુબેરદત્તા સાધ્વીને કહેવા લાગ્યો કે: 'હે આર્ય! આવું અયુક્ત શું બોલો છો? આમ બોલવું તમને શોભતું નથી.' ત્યારે કુબેરદત્તા સાધ્વીએ કહ્યું કે 'મહાનુભાવ! હું અયુક્ત બોલતી નથી. મારે તો મૃષાવાદ નહિ કરવાનું વ્રત છે.' એટલે કુબેરદત્તે અધિક આશ્ચર્ય પામીને કહ્યું: 'તો શું તમે કહ્યાં તે બધાં સગપણો આ પુત્રમાં સંભવી શકે છે?' કુબેરદત્તા સાધ્વીએ કહ્યું કે 'હા. તે બધાં સગપણો આ બાલકમાં સંભવે છે, તે આ રીતે—(૧) આ બાલકની અને મારી માતા એક જ છે, એટલે તે મારો **ભાઇ** છે. (૨) તે મારા ભર્તારનો પુત્ર છે, એટલે મારો **પુત્ર** છે. (૩) તે

મારા ભર્તારનો નાનો ભાઇ છે, એટલે મારો **દિયર** છે. (૪) તે મારા ભાઇનો પુત્ર છે, એટલે મારો **ભત્રીજો** છે. (૫) તે મારી માતાના પતિનો ભાઈ છે, માટે મારો **કાકો** છે અને (૬) મારી શોકયના પુત્રનો પુત્ર છે, એટલે મારો **પૌત્ર** છે. વળી વધારામાં તેણે કહ્યું કે (૭) આ બાળકનો પિતા અને હું એક જ માતાના ઉદરે જન્મેલા છીએ એટલે તે મારો **ભાઇ** છે. (૮) અને તે મારી માતાનો ભર્તાર થયો, તેથી મારો **પિતા** છે. (૯) અને તે મારા કાકાનો પિતા થયો, તેથી મારો **વડદાદો** છે. (૧૦) અને તે પ્રથમ મને પરણેલો છે, તેથી મારો **ભર્તાર** છે. (૧૧) અને તે મારી શોકયનો પુત્ર છે, તેથી મારો પણ **પુત્ર** છે. તથા (૧૨) મારા દિયરનો પિતા થાય છે, તેથી મારો **સસરો** છે. અને (૧૩) આ બાલકની માતા છે, તે મને જન્મ આપનારી છે, માટે મારી **માતા** છે. (૧૪) અને મારા કાકાની માતા છે, તેથી મારી **દાદી** છે. (૧૫) અને મારા ભાઇની સ્ત્રી છે તેથી મારી **ભોજાઇ** છે. (૧૬) અને મારી શોકયના પુત્રની સ્ત્રી થઇ તેથી મારી **પુત્રવધૂ** છે. (૧૭) અને મારા ભર્તારની માતા છે તેથી મારી સાસુ છે. તથા (૧૮) મારા ભાઇની બીજી સ્ત્રી થઈ, માટે મારી **શોકય** છે. આ રીતે કુબેરદત્તા સાધ્વીએ અઢાર સંબંધો–અઢાર નાતરાં કહી બતાવ્યાં. તે સાંભળીને કુબેરદત્ત અત્યંત ખેદ પામ્યો અને વૈરાગ્યથી વાસિત થયો. કુબેરસેનાએ પણ દૂર ઊભાં ઊભાં આ બધું સાંભળ્યું હતું એટલે તે પણ અત્યંત પશ્ચાત્તાપ કરવા લાગી અને સંસારના મિથ્યા સ્વરૂપથી વૈરાગ્ય પામી. પરિણામે કુબેર-

દત્તે એ નગરીમાં બિરાજતા એક પંચમહાવ્રતધારી મુનિરાજ આગળ દીક્ષા લીધી અને કુબેરસેનાએ કુબેરદત્તા આગળ સમ્યક્ત્વ સહિત શ્રાવકનાં બાર વ્રતો ધારણ કર્યાં. આ રીતે કુબેરદત્તા સાધ્વી બંધુ અને માતાનો ઉદ્ધાર કરીને અન્યત્ર વિહાર કરી ગયા અને શમ-દમથી પોતાના આત્માને ભાવિત કરતા પૃથ્વીપટ પર વિચરવા લાગ્યા.

તાત્પર્ય કે-સંસારનાં સગપણ-સંબંધો કાલ્પનિક છે અને તેમાં સ્થિર વ્યવસ્થા જેવું કંઇ જ નથી. એટલે સાંસારિક સગપણ-સંબંધોની પોકળતા મનમાં વસવી ઘટે છે.

## (૧૨) લાભ બધાનો પણ પાપ પોતાનું.

મોહથી મૂર્ચ્છિત બનીને આપણે કુટુંબને 'મારું--મારું' કરીએ છીએ અને તેના નિર્વાહ, રક્ષણ તથા એશઆરામ માટે ન્યાય-નીતિને નેવે મૂકીએ છીએ, દુરાચારની દોસ્તી કરીએ છીએ અને અધર્મથી આવકાર આપતાં જરા ય અચકાતા નથી. પરંતુ એ વિચાર કરતા નથી કે આ પાપનું ફળ જ્યારે ઉદયમાં આવશે ત્યારે તેમાંનું કોઇ પણ આડો હાથ દેવા આવશે નહિ. મતલબ કે-લાભ બધાનો પણ પાપ પોતાનું, એ સાચી સ્થિતિ છે અને તેથી પાપનું ફલ પોતાને એકલાને જ ભોગવવું પડશે. જો કુટુંબીજનો પાપમાં ભાગીદારી કરવા તૈયાર હોત તો રતનિયા ભીલને તેમનો ત્યાગ કરીને તપશ્ચર્યાનો માર્ગ અંગીકાર કરવાનો વખત આવત જ નહિ.

## (૧૩) રતનિયો ભીલ.

રતનિયા ભીલને તેના પિતાએ ધનુર્વિદ્યામાં કુશલ બનાવ્યો

હતો અને 'ધાડ કેમ પાડવી?' 'વાટ કેમ મારવી?' તથા 'જતા આવતા મુસાફરોને યુક્તિથી કેવી રીતે લૂંટી લેવા?' તેનું પ્રયોગાત્મક શિક્ષણ આપ્યું હતું. તેથી લૂંટના કામમાં તે પાવરધો બન્યો હતો અને તેના વડે જ પોતાનો તથા પોતાના કુટુંબીઓનો નિર્વાહ કરતો હતો.

એક દિવસ રતનિયો ધંધા અર્થે અરણ્યમાં ફરતો હતો ત્યાં એક મહર્ષિ પાસેના રસ્તેથી પસાર થયા. એટલે રતનિયાએ તેમનો રસ્તો આંતર્યો અને તેમની પાસે જે કંઈ હોય તે મૂકી દઈને ચાલતા થવાનું જણાવ્યું. પરંતુ મહર્ષિ પાસે ખાસ શું હોય? તેમણે એક ભગવી કફની પહેરી હતી, ખભે ગરમ કાંબળી નાખી હતી, એક હાથમાં કમંડળ પકડયું હતું અને બીજા હાથમાં દંડ ધારણ કર્યો હતો. તેમને આ વસ્તુઓ પર જરાયે મમત્વ ન હતું, પરંતુ રતનિયાની હાલત જોઈને દયા આવી, એટલે તેના પર અનુગ્રહ કરવાના હેતુથી કહ્યું કે 'હે ભાઈ! તારે મારી પાસેથી જે કંઈ જોઈતું હોય તે ખુશીથી લઈ લે, પણ તને એક સવાલ પૂછું છું, તેનો જવાબ આપ કે–તું આવો નીચ ધંધો કોના માટે કરે છે?'

રતનિયાએ કહ્યું: 'મારા કુટુંબ માટે. મારે માતા, પિતા, પત્ની, પુત્રો અને પુત્રીઓનું બહોળું કુટુંબ છે. તે બધાનો નિર્વાહ હું આ ધંધા વડે કરું છું.'

મહર્ષિએ કહ્યું: 'ભાઈ! તું જેમને માટે આ ઘોર પાપ કરી રહ્યો છે, તે સ્ત્રી, પુત્ર વગેરે શું તારા આ પાપમાં ભાગીદાર થશે ખરાં?'

રતનિયાએ કહ્યું: ‘ અલબત્ત. તે બધાને માટે જ હું પાપ કરું છું તો મારાં પાપનાં ભાગીદાર તેઓ કેમ નહિ થાય ? ’

મહર્ષિએ કહ્યું: ‘ તારી આ માન્યતા ભૂલભરેલી છે. તારું કરેલું પાપ તારે એકલાને જ ભોગવવું પડશે. જો તેની ખાતરી કરવી હોય તો ઘેર જઈને બધાં કુટુંબીઓને પૂછી આવ કે તારાં કરેલા પાપમાં તેમનો ભાગ કેટલો ? તું એ પ્રશ્નનો જવાબ લઈને આવીશ ત્યાં સુધી હું અહીં જ ઊભો રહીશ. ’

મહર્ષિના આ શબ્દોએ રતનિયાના દિલ પર અસર કરી એટલે તે ઘેર ગયો અને દરેકને પૂછવા લાગ્યો કે ‘ હું જે પાપ કરું છું તેમાં તમારો ભાગ કેટલો ? ’ આ પ્રશ્ન સાંભળીને માતા મૌન રહી, પિતાએ ચૂપકીદી પકડી, પત્ની કંઈ પણ બોલી નહિ અને પુત્ર-પુત્રીઓ પણ ટગર ટગર સામું જોઈ રહ્યા. એટલે રતનિયાને ભારે આશ્ચર્ય થયું. ‘ એક સીધી-સાદી વાતનો ઉત્તર કેમ કોઈ આપતું નથી ? ’ અને તેણે બધાને એ જ સવાલ ફરીને પૂછ્યો, છતાં તેનો કંઈ ઉત્તર મળ્યો નહિ ત્યારે રતનિયાએ એ પ્રશ્ન ત્રીજી વાર પૂછ્યો અને જણાવ્યું કે ‘ મારા પ્રશ્નનો જેવો હોય તેવો ઉત્તર આપો. તે લીધા વિના હું રહેવાનો નથી. ’ તે વખતે બધાની વતી તેના પિતાએ કહ્યું કે ‘ તું જે કંઈ પાપ કરે છે તે બધું તારું જ છે, અમે તો માત્ર તારા લાવેલાં દ્રવ્યના જ ભોક્તા છીએ. ’

આ જવાબ સાંભળતાં જ રતનિયાની આંખે અંધારાં આવી ગયાં. ‘ શું આ બધાં પાપનું ફલ મારે એકલાને જ ભોગવવાનું છે ? તેમાં કોઈનો કંઈ પણ ભાગ નહિ ? ખરે-

ખર ! આજ સુધી હું અંધારામાં જ આથડ્યો છું, પરંતુ સારું થયું કે આજે આ મહર્ષિનો ભેટો થયો અને તેમણે મારી આંખો ખોલી નાખી.'

રતનિયો ઘેરથી પાછો ફર્યો અને સીધો મહર્ષિના ચરણે પડ્યો. 'કૃપાળુ ! તમારું કહેવું સાચું પડ્યું, પરંતુ મારું હવે શું થશે ? હું મહાપાપી છું, ઘોર અપરાધી છું, માટે મારો હાથ પકડો, મારો ઉદ્ધાર કરો. તમારા સિવાય અન્ય કોઈનું મને શરણ નથી.'

અને મહર્ષિએ રતનિયાને જીવન વિષે સાચી સમજણ આપી તથા તપનું મહત્ત્વ સમજાવી તેનો આશ્રય લેવાનું જણાવ્યું. તે પ્રમાણે રતનિયાએ ઘોર તપનો આશ્રય લેતાં તેના આત્માની શુદ્ધિ થઈ, તેનું ચારિત્ર નિર્મળ બન્યું અને તે એક મહર્ષિ બન્યો. તાત્પર્ય કે-કુટુંબીઓ સ્વાર્થનાં સગાં છે અને તેમાંનું કોઈ પણ પાપમાં ભાગીદાર થતું નથી. એટલે પ્રત્યેક મુમુક્ષુએ કુટુંબ માટે અધર્મ ન કરવાનો નિર્ણય કરવો ઘટે છે.

## (૧૪) પૌદ્ગલિક સુખોની અસારતા.

જેમ આત્માને દેહરૂપ માનવો એ અજ્ઞાન છે, જડ વસ્તુઓને 'મારી' માનવી એ મિથ્યાત્વ છે અને કાલ્પનિક સગપણ-સંબંધોને સ્થિર માનવાં એ ભ્રમણા છે, તેમ પુદ્ગલનાં નિમિત્તથી ઉત્પન્ન થતાં સુખોને વાસ્તવિક સુખ માનવાં એ અજ્ઞાન, મિથ્યાત્વ કે ભ્રમણા જ છે. પરંતુ મોહને વશ થયેલો જીવ તે પ્રકારનું અજ્ઞાન સેવવામાં આનંદ અનુભવે છે, તે પ્રકારનું

મિથ્યાત્વ સેવવામાં મોજ માણે છે અને તે પ્રકારની ભ્રમણાનો ભોગ બનવામાં ગૌરવ લે છે, એ શું ઓછું ખેદકારક છે ?

જો આ જીવ પોતાના અનુભવોનું તટસ્થતાથી તારણ કાઢે તો તરત જ સમજી શકે એમ છે કે પુદ્ગલનાં નિમિત્તથી ઉત્પન્ન થતાં તમામ સુખો ક્ષણિક છે એટલે કે સ્પર્શનું સુખ સ્પર્શ થાય ત્યાં સુધી જ ટકે છે, રસનું સુખ ખોરાક જીભ પરથી કંઠ સુધી પહોંચે ત્યાં સુધી જ ટકે છે, વાસનું સુખ સુવાસના પરમાણુઓ નાકમાં રહે ત્યાં સુધી જ ટકે છે, રૂપનું સુખ રૂપ નજરે પડે ત્યાં સુધી જ ટકે છે અને શબ્દનું સુખ શબ્દ સંભળાય ત્યાં સુધી જ ટકે છે. વળી એ સુખો ભોગવાયા પછી તૃપ્તિ કે સંતોષનો અનુભવ થવાને બદલે તે પ્રકારનાં વધારે સુખો ભોગવવાની તૃષ્ણા કે લાલસા જાગૃત થાય છે એટલે પરાધીનતાની બેડી ગળામાં નંખાય છે અને એ સુખો જરા પણ ગૃદ્ધ થઇને ભોગવાયા કે શીઘ્ર ભયંકર પરિણામ લાવે છે.

સ્પર્શ સુખમાં આસક્ત બનેલો હાથી કાદવમાં ખૂંચી જાય છે કે અજાડીમાં પડીને જિંદગીભરનો ગુલામ બને છે. રસસુખમાં આસક્ત બનેલું માછલું ગલનો કાંટો ગળામાં ભરાવાથી શીઘ્ર મચ્છીમારના હાથમાં જઇ પડે છે. સુવાસસુખમાં આસક્ત બનેલો ભમરો કમલદલમાં બીડાઈ જાય છે અને સવાર થતાં કમલોની સાથે હાથીઓના ઉદરમાં જઈ પડે છે. રૂપસુખમાં આસક્ત બનેલું પતંગિયું દીવાની જ્યોતમાં ઝંપલાવે છે અને તરત જ બળીને ખાખ થાય છે. તે જ રીતે શબ્દ સુખમાં આસક્ત બનેલું હરણ પારધિના બાણથી વીંધાઇ પોતાનો પ્રાણ ગુમાવે છે. આ રીતે એક એક વિષયસુખની આસક્તિથી પ્રાણીઓના પ્રાણ

હોડમાં મૂકાય છે ત્યારે પાંચે વિષયનાં સુખમાં આસક્ત બનનારની સ્થિતિ શું થાય તે દરેકે સ્વયમેવ વિચારી લેવું ઘટે છે.

જેઓ વિષયસુખમાં અંધ બને છે, તેઓ વેશ્યાગામી થાય છે, પરસ્ત્રી પર કુદૃષ્ટિ કરે છે કે પોતાની પરણેતર સાથે પણ અનુચિત વ્યવહાર કરી તિરસ્કારને પાત્ર બને છે. વળી વીર્યનો સંગ્રહ જલદી ખલાસ થતાં તેમના શરીર અને મન કમજોર બને છે તથા નાના પ્રકારના વ્યાધિઓ ઉત્પન્ન થઇ તેમને દીર્ઘ કાળ પર્યંત સતાવે છે.

જેઓ રસના અતિભોગી બને છે તેઓ ભક્ષ્યાભક્ષ્યનું ભાન ભૂલી જાય છે, સમય-કુસમયનો ખ્યાલ ચૂકી જાય છે તથા માન-અપમાનને વિસરી જઇ મૂર્ખની પંક્તિમાં વિરાજે છે. વળી તેમને અજીર્ણ, અપચો, અતિસાર, મરડો અને એવા જ બીજા રોગો લાગુ પડે છે કે જે તેમની જીવાદોરીને ટુંકાવે છે.

જેઓ વાસ, રૂપ અને શબ્દના લાલચુઓ બને છે, તેમની સ્થિતિ પણ આવી જ કઢંગી બને છે અને તેનાં વિષમ પરિણામો ભોગવતાં જીવનની ભયંકર બરબાદી થાય છે. એટલે વિષય સુખમાં લુબ્ધ ન બનતાં આત્મિક સુખની અભિલાષા રાખવી એ જ ડહાપણભરેલું છે.

## (૧૫) મોહનું મહાતાંડવ.

ઇતિહાસનાં પૃષ્ઠો ઉથલાવો એટલે મોહનું મહાતાંડવ નજરે પડશે. દીર્ઘ રાજાના પ્રેમમાં પડેલી ચૂલણી રાણી પોતાના પુત્ર બ્રહ્મદત્તને જીવતો સળગાવી મૂકવાનું કાવતરું કરે

છે. રાજ્યના મોહમાં ફસાયેલો કૃષ્ણુરાજ પોતાના તમામ પુત્રોનાં અંગો છેદાવી નાખે છે. વિષયમાં લુબ્ધ બનેલી રાણી સૂરિકંતા પોતાના પતિ પ્રદેશી રાજાને ઝેર આપે છે. સિંહાસનના મોહમાં પડેલો કોણિક પોતાના પિતા શ્રેણિકને લોહના પિંજરામાં પૂરે છે. રાજદ્વારી પ્રતિષ્ઠાના મોહથી ઘેરાયેલો ચાણાક્ય પોતાના ખાસ મિત્ર પર્વતરાયનો જાન લે છે. કીર્તિમોહથી વ્યથિત થયેલો ભરતેશ્વર પોતાના સગાભાઈ બાહુબલિ સાથે ખતરનાક યુદ્ધ ખેલે છે અને સ્વકાયાના મોહથી કંસરાય પોતાના સર્વ ભાણેજોને જન્મતાં જ મારી નાખવાનો હુકમ કરે છે.

મોહનું મહાતાંડવ કંઈ એટલેથી જ અટક્યું નથી. તે જુદા જુદા સ્વરૂપે સદા-સર્વદા ચાલુ રહ્યું છે અને આપણા આજના જીવનવ્યવહાર સુધી પહોંચ્યું છે. ભાઈ ભાઈનું ગળું ભીંસી રહ્યો છે, બહેન બહેનની બદબોઈ કરી રહી છે, પુત્ર પત્નીના પ્રેમમાં પડી માતાને મહાદુઃખ આપી રહ્યો છે, પિતા પોતાના તાનમાં મસ્તાન બની પુત્ર-પરિવારની કંઈ દેખરેખ રાખતો નથી, માલિક નોકર પ્રત્યે હૃદયહીન બન્યો છે, અને નોકર માલિકનું ગળું રેંસવાની પેરવાઈમાં પડ્યો છે. શરાફી લૂંટ, કાળા બજાર, કર્તવ્યહીનતા, કુટિલતા, હરામખોરી, દગા-ફટકા, વિશ્વાસઘાત, છળપ્રપંચ પુર બહારમાં ચાલી રહ્યા છે. એટલે મોહના મહાતાંડવે આ દુનિયાને બરબાદ કરી છે, તેની શાંતિ લૂંટી લીધી છે, તેની પવિત્રતા આંચકી લીધી છે અને તેને ઝાંઝવાના નીર તરફ દોડતી કરી છે કે જે દોડનો કદી અંત આવે જ નહિ.

## (૧૬) મોહથી ઉત્પન્ન થતા ભાવો.

મોહથી ઉત્પન્ન થતા ભાવો મુખ્યત્વે બે પ્રકારના છેઃ (૧) સમ્યક્ત્વનો રોધ કરનારા અને (૨) ચારિત્રનો રોધ કરનારા. તેમાં સમ્યક્ત્વનો રોધ કરનારા ભાવો ત્રણ પ્રકારના છે.

(૧) **મિથ્યાત્વ મોહનીય**–જેના ઉદયથી જીવને મિથ્યાત્વ ઉત્પન્ન થાય છે, એટલે વીતરાગે પ્રરૂપેલાં તત્ત્વોની વિપરીત સદ્દહણા( શ્રદ્ધા ) થાય છે.

(૨) **મિશ્ર મોહનીય**–જેના ઉદયથી જીવને સમ્યક્ત્વ અને મિથ્યાત્વના મિશ્ર પરિણામો થાય છે.

(૩) **સમ્યક્ત્વ મોહનીય**–જેના ઉદયથી જીવને ક્ષાયક સમ્યક્ત્વ ( કર્મના સંપૂર્ણ ક્ષયથી ઉત્પન્ન થતું અત્યંત નિર્મળ સમ્યક્ત્વ ) થતું અટકે છે.

ચારિત્રનો રોધ કરનારા ભાવો બે પ્રકારના છે: (૧) કષાયરૂપ અને (૨)નોકષાયરૂપ. **કષ** એટલે કર્મ અથવા ભવ, તેમનો **આય** એટલે લાભ, જેનાથી, જે વડે કે જે છતે થાય તે **કષાય.** જે કષાય જેટલા પ્રબલ નથી તે નોકષાય. અથવા જે કષાયની અપેક્ષાએ ઘણા ગૌણ છે તે નોકષાય, અથવા ક્રોધાદિ કષાયોના જે ઉત્તેજક છે તે નોકષાય.

કષાયરૂપ ભાવો મુખ્યત્વે ચાર પ્રકારના છેઃ (૧) ક્રોધરૂપ (૨) માનરૂપ (૩) માયારૂપ અને (૪) લોભરૂપ. અને તે દરેકના પણ તરતમતાથી ચાર–ચાર વિભાગો પડે છે. તે આ રીતેઃ (૧) અનંતાનુબંધી (૨) અપ્રત્યાખ્યાની (૩) પ્રત્યા-

ખ્યાની અને (૪) સંજ્વલન. તેમાં જેના વડે અનંતો સંસાર બંધાય, જે યાવજ્જીવ રહે અને જેના લીધે સમ્યક્ત્વનો લાભ ન થાય તે **અનંતાનુબંધી** કહેવાય છે; જેના વડે જાણવા છતાં થોડું પણ પ્રત્યાખ્યાન(ત્યાગ) ન થઇ શકે, જે એક વર્ષ સુધી રહે અને દેશવિરતિ ચારિત્રનો ઘાત કરે તે **અપ્રત્યાખ્યાની** કહેવાય છે; જેના વડે સર્વવિરતિ પ્રત્યાખ્યાન ન થઈ શકે, જે ચાર માસ ટકે અને સર્વવિરતિ ચારિત્રનો ઘાત કરે તે **પ્રત્યાખ્યાની** કહેવાય છે; જેના વડે સંયમી આત્મા પણ કોઈ વાર આકુળવ્યાકુળ બની જાય, જે પંદર દિવસ સુધી ટકે અને યથાખ્યાત ચારિત્ર-વીતરાગ દશાનો ઘાત કરે તે સંજ્વલન કહેવાય છે. એટલે કષાયો ઉત્તરભેદથી નીચે મુજબ સોળ પ્રકારના બને છે.

(૧) અનંતાનુબંધી ક્રોધ-જે પર્વતની રેખા જેવો હોય છે.

(૨) અપ્રત્યાખ્યાની ક્રોધ-જે સુકાયેલા તળાવની રેખા જેવો હોય છે.

(૩) પ્રત્યાખ્યાની ક્રોધ-જે રેતીની રેખા જેવો હોય છે.

(૪) સંજ્વલન ક્રોધ-જે પાણીની રેખા જેવો હોય છે.

(૫) અનંતાનુબંધી માન-જે પાષાણના થાંભલા જેવું હોય છે.

(૬) અપ્રત્યાખ્યાની માન-જે હાડકાના થાંભલા જેવું હોય છે.

(૭) પ્રત્યાખ્યાની માન-જે લાકડાના થાંભલા જેવું હોય છે.

(૮) સંજ્વલન માન-જે નેતરના થાંભલા જેવું હોય છે.

(૯) અનંતાનુબંધી માયા—જે વાંસના મૂળ જેવી હોય છે.

(૧૦) અપ્રત્યાખ્યાની માયા—જે મેંઢાના શીંગડા જેવી હોય છે.

(૧૧) પ્રત્યાખ્યાની માયા—જે બળદના મૂત્રની રેખા જેવી હોય છે.

(૧૨) સંજ્વલન માયા—જે વાંસની છોલ જેવી હોય છે.

(૧૩) અનંતાનુબંધી લોભ—જે કીરમજીના રંગ જેવો હોય છે.

(૧૪) અપ્રત્યાખ્યાની લોભ—જે નગરની ખાળના કાદવના રંગ જેવો હોય છે.

(૧૫) પ્રત્યાખ્યાની લોભ—જે ગાડાની મળીના રંગ જેવો હોય છે.

(૧૬) સંજ્વલન લોભ—જે હળદરના રંગ જેવો હોય છે.

ચારિત્ર ગુણનો મુખ્ય ઘાત કરનારા આ સોળ કષાયો છે. એટલે જેમ જેમ તેમની તીવ્રતા ઓછી થતી જાય છે તેમ તેમ આત્માનો ચારિત્ર--ગુણ ખીલતો જાય છે, અને જ્યારે તે સોળે કષાયો દૂર થઈ જાય છે ત્યારે આત્મા રાગ અને દ્વેષથી રહિત થઈને વીતરાગ દશાને પામે છે.

નોકષાયના બે વિભાગો છે: (૧) હાસ્યષટ્ક અને (૨) વેદ. તેમાં હાસ્યષટ્કના છ ભાવો નીચે પ્રમાણે હોય છે.

(૧) હાસ્ય-જેના વડે નિમિત્તથી કે નિમિત્ત વિના હસવું આવે છે.

(૨) રતિ-જેના વડે નિમિત્તથી કે નિમિત્ત વિના હર્ષ થાય છે.

(૩) અરતિ-જેના વડે નિમિત્તથી કે નિમિત્ત વિના ખેદ થાય છે.

(૪) ભય-જેના વડે નિમિત્તથી કે નિમિત્ત વિના બીક લાગે છે.

(૫) શોક-જેના વડે નિમિત્તથી કે નિમિત્ત વિના પરિતાપ થાય છે.

(૬) જુગુપ્સા-જેના વડે નિમિત્તથી કે નિમિત્ત વિના ઘૃણા ઉપજે છે.

વેદ એટલે કામવાસના. તે નીચે પ્રમાણે ત્રણ પ્રકારની હોય છે.

(૧) પુરુષવેદ-જેથી સ્ત્રીને ભોગવવાની ઇચ્છા થાય, તે તૃણના અગ્નિ જેવો હોય છે.

(૨) સ્ત્રીવેદ-જેથી પુરુષને ભોગવવાની ઇચ્છા થાય, તે બકરીની લીંડીના અગ્નિ જેવો હોય છે.

(૩) નપુંસકવેદ-જેથી સ્ત્રી-પુરુષ બંનેને ભોગવવાની ઇચ્છા થાય. તે નગરદાહ જેવો હોય છે.

આ રીતે સમ્યક્ત્વનો રોધ કરનારા ત્રણ વિકારી ભાવો અને ચારિત્રનો રોધ કરનારા પચીશ વિકારી ભાવો મળીને મોહના (મોહનીય કર્મના) કુલ ભાવો ૨૮ થાય છે.

જીવ જ્યારે આ અઠ્ઠાવીશ પ્રકારના ભાવોમાં ભ્રમણ ન કરે ત્યારે 'મોહવને નવિ ભમતો' કહેવાય છે.

## (૧૭) સ્વભાવ.

જે સ્વભાવ નથી તે પરભાવ છે અને પરભાવ નથી તે સ્વભાવ છે. આ દૃષ્ટિએ આત્માનું સ્વરૂપ સ્વભાવ કહેવાય છે અને પુદ્ગલનું સ્વરૂપ પરભાવ કહેવાય છે.

આત્મા અનેક ગુણોથી અલંકૃત છે, પણ મુખ્યત્વે જ્ઞાન અને સુખનાં કે ચિત્ અને આનંદનાં લક્ષણોથી યુક્ત છે, એટલે ચિદાનંદ-સ્વરૂપ કહેવાય છે. આ ચિદાનંદ-સ્વરૂપમાં મગ્ન થવું અને કોઈ પણ પૌદ્ગલિક ભાવોનો સ્પર્શ થવા ન દેવો એ 'સ્વભાવ સ્થિતિ' 'નિજાનંદની મસ્તી' 'સહજાનંદનું સુખ' 'આત્મરમણતા' કે 'મગ્નતા' કહેવાય છે.

આ અવસ્થાનું વર્ણન કરતાં અનુભવી પુરુષોએ જણાવ્યું છે કે—

"જેને જ્ઞાનરૂપ અમૃતના સમુદ્ર જેવા પરબ્રહ્મ(આત્મા)માં મગ્નપણું છે, તેને પરમાત્મા સિવાય બીજા વિષયમાં પ્રવૃત્તિ કરવી હળાહળ ઝેર જેવી લાગે છે.

"જે આત્મસુખમાં મગ્ન છે અને સ્યાદ્વાદથી શુદ્ધ થયેલી દૃષ્ટિવડે જગત્ના તમામ તત્ત્વોનું અવલોકન કરે છે, તેને અન્ય ભાવોનું કર્તાપણું રહેતું નથી, પણ માત્ર સાક્ષીપણું જ રહે છે.

"પરબ્રહ્મમાં મગ્ન થયેલાને પુદ્ગલની વાતો નિરસ લાગે છે,

તો સુવર્ણનો ઉન્માદ ક્યાંથી હોય? અને સ્ત્રીનાં પ્રલોભક આલિંગનોમાં આદર પણ ક્યાંથી હોય? અર્થાત્ તેને કંચન કે કામિનીનો લેશ માત્ર પણ મોહ હોતો નથી.

"આત્મસ્વરૂપમાં મગ્ન થયેલાને જે સુખ હોય છે, તેનું વર્ણન કરવું શક્ય નથી. વળી તે સુખ પ્રિયતમાના આલિંગન સાથે કે બાવનાચંદનના લેપ સાથે સરખાવી શકાય તેવું પણ નથી. તાત્પર્ય કે–પ્રિયતમાના આલિંગનથી અને બાવના-ચંદનના લેપથી જે સુખ ઉત્પન્ન થાય છે, તે આત્મનિમગ્નતાના સુખ આગળ એકદમ તુચ્છ છે."

## (૧૮) પરભાવ

ખાન-પાનનું સુખ, વસ્ત્ર-આભૂષણનું સુખ, નોકર-ચાકરનું સુખ, ઉઠવા-બેસવાનું સુખ, મનોહર મહાલયોમાં રહેવાનું સુખ, વાહનનું સુખ, ધનમાલનું સુખ, વ્યાપાર-રોજગારનું સુખ, પ્રતિષ્ઠાનું સુખ, અધિકારનું સુખ, પત્નીનું સુખ, પુત્રનું સુખ, કુટુંબનું સુખ, મિત્રો અને સ્વજનોનું સુખ એ પૌદ્ગલિક હોવાથી પરભાવ કહેવાય છે. તે માટે નિર્ગ્રંથ મહર્ષિઓએ કહ્યું છે કે—

"सव्वं विलवियं गीयं, सव्वं नट्टं विडम्बियं ।
सव्वे आभरणा भारा, सव्वे कामा दुहावहा ॥"

"તાત્ત્વિક દૃષ્ટિએ બધાં ગીતો એક પ્રકારનો વિલાપ છે, બધાં નૃત્યો એક પ્રકારની વિડંબના છે, સર્વ આભરણો ભાર સમાન છે અને સર્વ પ્રકારના કામભોગો એકાંતે દુઃખને જ આપનારા છે."

મહીપતિઓના મહેલમાં, ધનપતિઓના ધામમાં અને જાહેર સ્થાનોમાં મનને બહેલાવવા સારુ ગાયકો અને ગાયિકાઓનાં ગાન થાય છે, અનેક પ્રકારના અંગમરોડો અને હાવભાવથી અલંકૃત નૃત્યોના જલસા ગોઠવાય છે, વળી રૂડા-રૂપાળા દેખાવા માટે હીરા-મોતી-માણેક અને સુવર્ણના અનેકવિધ આભરણો એકઠા કરવાનો પ્રયાસ થાય છે અને વિષયની તૃપ્તિ થાય તે માટે વિવિધ પ્રકારે ઓરડાની સજાવટો કરવામાં આવે છે, તેમાં બહુમૂલ્ય રાચરચીલું ગોઠવવામાં આવે છે, તેને વિષયોત્તેજક ચિત્રોથી સુશોભિત કરવામાં આવે છે અને પૌષ્ટિક દવાઓ-માત્રાઓ-યાકુતિઓવડે વીર્યનો સંચય કરવામાં આવે છે, પરંતુ તે બધાનો આખરી અંજામ બૂરો હોય છે. તેથી જ અનુભવી પુરુષોએ કહ્યું કે-સુંદર લાગતાં ગીતો એ આખરે ખૂબ રડાવનાર વિલાપો છે, મનોહર જણાતાં નૃત્યો ઘણું કષ્ટ આપનારી વિડંબના છે, રમણીય જણાતાં આભૂષણો ફોગટનો ભાર છે અને મીઠું-મધુરું લાગતું વિષયસુખ અનેક પ્રકારનાં દુઃખોને લઈ આવનારી બેરહમ બલા છે.

જ્યાં સુધી પૌદ્ગલિક સુખની અસારતા સમજાય નહિ, જ્યાં સુધી કામભોગની આસક્તિ દૂર થાય નહિ, અને જ્યાં સુધી પરભાવમાં રમવાની લાંબા સમયની બૂરી આદત બદલાય નહિ ત્યાં સુધી સ્વભાવમાં સ્થિતિ થઈ શકતી નથી, એટલે પરભાવને ટાળવો એ જ સ્વભાવમાં સ્થિર થવાનો-નિજ સ્વભાવમાં મગ્ન થવાનો સાચો ઉપાય છે.

## (૧૯) પરભાવ ટળ્યાની પરીક્ષા.

'अहं ब्रह्मास्मि।' 'હું બ્રહ્મ છું' 'ब्रह्म सत्यं जगन्मिथ्या।'

'બ્રહ્મસત્ય છે અને જગત્ મિથ્યા છે.' 'असारः खलु संसारः। 'ખરેખર ! આ સંસાર અસાર છે' 'सव्वे कामा दुहावहा।' 'સર્વે કામભોગો દુઃખને લાવનારા છે' એવાં એવાં વચનો ઉચ્ચારવા માત્રથી જ પરભાવ ટળ્યો છે અને સ્વભાવમાં સ્થિતિ થઇ છે, તેમ સમજવાનું નથી. અથવા વસતિમાં રહેવાનું છોડીને જંગલમાં વસવા–માત્રથી કે વિવિધરંગી વસ્ત્રોનો વપરાશ છોડીને કેવળ ભગવાં, કેવળ પીળાં કે કેવળ શ્વેત વસ્ત્રો ધારણ કરવા માત્રથી અથવા મસ્તકનું મૂંડન કરી નાખવાથી કે ખુલ્લા પગે ફરવાથી જ પરભાવ ટળ્યો છે, તેમ સમજવાનું નથી, પરંતુ પરભાવ ટળ્યો ત્યારે જ સમજવાનો છે કે જ્યારે ઇંદ્રિયના વિષયો અને મનના વિકારો બિલકુલ સતાવે નહિ.

જો સુંવાળાં વસ્ત્રો પસંદ પડતાં હોય અને જાડાં કે ખરબચડાં વસ્ત્રો અકારાં લાગતાં હોય, જો સુંવાળી પથારી ગમતી હોય અને ખરબચડી જમીન અરુચિ ઉત્પન્ન કરતી હોય, જો ઊનાળામાં ઠંડકની અપેક્ષા રહેતી હોય અને શિયાળામાં ગરમીની જરૂર જણાતી હોય કે કોઇ પણ સ્વરૂપમાં સુંવાળો સહવાસ ગમતો હોય તો સમજવું કે હજી સ્પર્શને જીતી શકાયો નથી, સ્પર્શનેંદ્રિયને જીતી શકાઇ નથી.

જો મીઠાઇઓ પર મન ચોટતું હોય અને જારબાજરી કે મકાઇનાં ઢેબરાં પર નફરત થતી હોય, જો મેવા ને ફળ આરોગવામાં આનંદ આવતો હોય અને મગ–અડદના બાકળા કે જવનો સાથવો ફાકવામાં અપ્રીતિ ઉત્પન્ન થતી હોય, જો અમુક અંશે ખારું, અમુક અંશે ખાટું અને અમુક અંશે

તીખું જ પસંદ પડતું હોય અને તેથી ઓછું કે વત્તું થતાં નાકનું ટેરવું ઊંચું ચડતું હોય તો સમજવું કે હજી રસને જીતાયો નથી, રસનેંદ્રિયને જિતી શકાઇ નથી.

જો અત્તર, સેન્ટ, ફૂલો અને બીજા સુગંધી પદાર્થોની વાસથી મન પ્રસન્ન થતું હોય અને કોઈ પણ કારણે ઉત્પન્ન થયેલી ખરાબ વાસ કે દુર્ગંધથી ચીડ ચડતી હોય તો જાણવું કે હજી ગંધને જીતાયો નથી, ઘ્રાણેંદ્રિયને જીતી શકાઇ નથી.

જો યૌવન તરફ આકર્ષણ થતું હોય અને વૃદ્ધાવસ્થા જોઇને ચીડ ચડતી હોય, જો બાહ્ય ભપકો મન પર અસર કરતો હોય અને આંતરિક ગુણો તરફ ઉપેક્ષા થતી હોય, જો વસ્ત્રાભૂષણ અને ટાપટીપ તરફ મન લોભાતું હોય અને સાદાઈ તથા સુઘડતામાં પ્રસન્નતા ન અનુભવાતી હોય તો જાણવું કે હજી રૂપને જીતી શકાયું નથી, ચક્ષુરિંદ્રિયને જીતી શકાઈ નથી.

જો મનોહર સંગીત સાંભળીને હર્ષ થતો હોય અને કરુણ ક્રંદન સાંભળીને ચીડ ચડતી હોય અથવા ખુશામતનાં વાક્યો સાકર જેવા મીઠાં લાગતાં હોય અને હિતભાવે કહેવાયેલા શબ્દો વિષ સમાન કડવા જણાતા હોય તો સમજવું કે હજી શબ્દને જીતી શકાયો નથી, શ્રોત્રેંદ્રિયને જીતી શકાઈ નથી.

જો કોઈ પણ કારણે ગુસ્સો આવતો હોય, લોહી તપતું હોય, અન્યને શિક્ષા કરવાનું મન થતું હોય કે વૈર લેવાની વૃત્તિ જાગતી હોય તો સમજવું કે હજી ક્રોધકષાયને જીતી શકાયો નથી.

જો કોઈ પણ કારણે અહંકાર આવતો હોય, 'હું મોટો છું', બધાથી ચડિયાતો છું, મારા કરતાં કોઇ શ્રેષ્ઠ નથી, હવે મારે બીજા આગળથી કંઇ શિખવાનું નથી,' એવી વૃત્તિ જાગતી હોય તો સમજવું કે હજી માનકષાયને જીતી શકાયો નથી.

જો કોઈ પણ કારણે દંભ કે દેખાવ કરવાનું મન થતું હોય અને બીજાને છેતરવાની, ભૂલથાપ આપવાની કે આડા માર્ગે દોરવાની વૃત્તિ જાગતી હોય તો સમજવું કે હજી માયાકષાયને જીતી શકાયો નથી.

જો કોઇ પણ કારણે પૌદ્ગલિક વસ્તુમાં મમત્વભાવ પેદા થતો હોય, અથવા તેને મેળવવાની આસક્તિ કે તૃષ્ણા જાગતી હોય તો સમજવું કે હજી લોભકષાયને જીતી શકાયો નથી.

તાત્પર્ય કે–વિષય અને વિકારોને જીતવાનું કામ અત્યંત અઘરું છે અને તે વિશિષ્ટ સાધના વિના સિદ્ધ થતું નથી.

## (૨૦) જ્ઞાન અને ક્રિયાના સંયોગથી જ મોક્ષ છે.

વિષય અને વિકારોને જીતવાની વિશિષ્ટ સાધનાને જ્ઞાનીઓ સદાચાર, પુરુષાર્થ, ચારિત્ર કે સતક્રિયા કહે છે અને તેનો જ્ઞાનની સાથે સંયોગ થાય તો જ મોક્ષમાર્ગની પ્રાપ્તિ થાય એમ માને છે. આ રહ્યા તેમની એ માન્યતાને દર્શાવનારા સુંદર શબ્દો :—

" संजोगसिद्धीय फलं वदंति,
न हु एगचक्केण रहो पयाइ ।
अंधो य पंगू य वणे समेच्चा,
ते संपउत्ता नगरं पविट्ठा ॥ "

" એક પૈડાથી રથ ચાલતો નથી, વળી આંધળો અને પાંગળો વનમાં ગયા, ત્યાં ભેગા થયા તો નગરમાં પ્રવેશ કરી શક્યા; માટે જ્ઞાન અને ક્રિયાનો સંયોગ થાય તો જ મોક્ષ-ફલની પ્રાપ્તિ થાય છે. "

અહીં આંધળા અને પાંગળાનું ઉદાહરણ આ રીતે સમજવાનું છે :—

## (૨૧) આંધળો અને પાંગળો

કોઈ નગરના લોકો રાજાના ભયથી અરણ્યમાં ગયા, પરંતુ ત્યાં પણ ચોરોનો ભય લાગવાથી પોતપોતાનાં વાહનોનો ત્યાગ કરીને ચાલ્યા ગયા. તે વખતે એક આંધળો અને એક પાંગળો ત્યાં જ રહી ગયા. એવામાં તે અરણ્યમાં દાવાનળ પ્રકટ્યો, એટલે અથડાતા-કૂટાતા તે બંને જણ એક સ્થળે ભેગા થયા અને 'આફતમાંથી કેમ બચવું ?' તેનો વિચાર કરવા લાગ્યા.

આંધળાએ કહ્યું–' ભાઇ પંગુ ! મારામાં ચાલવાની શક્તિ ઘણી છે પણ આંખે દેખાતું નથી, એટલે ખાડાખડિયામાં પડી જાઉં છું કે જાળાઝાંખરામાં ભરાઇ જાઉં છું, તેથી મારું ચાલવું બેકાર છે, અરે રે ! આ આફતમાંથી આપણે કેમ બચી શકીશું ? '

પાંગળાએ કહ્યું–' ભાઈ પ્રજ્ઞાચક્ષુ ! મારી આંખો ઘણી પાણીદાર છે અને દૂર દૂરનો રસ્તો પણ બરાબર જોઈ શકે છે, પરંતુ મારા પગમાં ચાલવાની જરાયે તાકાત નથી. જરા ચાલવા જઉં છું કે ગબડી પડું છું, તેથી તદ્દન લાચાર છું. ખરેખર ! આપણે બંને આફતમાં આબાદ સપડાઇ ગયા છીએ ! '

આંધળાએ કહ્યું–' ભાઇ પંગુ ! આમ નિરાશ થયે આપણો દહાડો શું વળશે ? એ માટે કંઈક પણ યુક્તિ શોધી કાઢવી જોઇએ. જે કામ બળથી થતું નથી, તે કામ કળથી જરૂર થાય છે.'

પાંગળાએ કહ્યું–' દોસ્ત ! તારી વાત તદ્દન સાચી છે, પરંતુ આ આફતથી હું એટલો બધો ગભરાઇ ગયો છું કે મારી અક્કલ કંઈ કામ આપી શકે તેમ લાગતું નથી.'

આંધળાએ કહ્યું:–' આફત સમયે બુદ્ધિને સ્થિર રાખવી એ શાણા મનુષ્યનું કર્તવ્ય છે, માટે તું બુદ્ધિને સ્થિર રાખ અને કોઇ પણ ઉપાય શોધી કાઢ; નહિ તો આપણાં સો યે વર્ષ અહીં જ પૂરાં થયાં સમજજે.'

આ શબ્દોએ પાંગળામાં સ્ફૂર્તિ આણી અને એક ઉપાય તેના મનમાં એકાએક ઝબકી ગયો. તેણે આંધળાને કહ્યું:– ' દોસ્ત ! મને એક ઉપાય મળી આવ્યો છે. તું શરીરે ઘણો મજબૂત છે અને તારી ખાંધ ઉપર મને ઉચકી શકે તેમ છે. એથી તારી ખાંધ પર મને ઉચકી લે અને હું તને રસ્તો બતાવું તેમ ચાલવા માંડ. આથી ખાડાખડિયામાં પડી જવાનો કે જાળાં–ઝાંખરામાં ભરાઇ જવાનો ભય રહેશે નહિ. આ રીતે આપણે આ જંગલમાંથી સલામત રસ્તે બહાર નીકળી જઇશું અને પાસેના નગરમાં પહોંચી શકીશું.'

પાંગળાનો સ્ફૂરેલો ઉપાય સાચો હતો. એ ઉપાય કામે લગાડતાં તે બંને દાવાનળમાંથી બચી ગયા અને પાસેના નગરમાં સહીસલામત પ્રવેશ કરી શકયા. એ રીતે જ્ઞાન અને

ક્રિયાનો સંયોગ થાય તો સંસારના દાવાનળમાંથી બચીને મોક્ષનગરીએ સહીસલામત પહોંચી શકાય.

## ( ૨૨ ) શૂન્ય ઘરનું દૃષ્ટાંત

જ્ઞાન અને ક્રિયાના સંયોગનું વિશેષ મહત્ત્વ શૂન્ય ઘરના દૃષ્ટાંતથી સમજાય છે, તે એ રીતે કે—અનેક બારી-બારણાં તથા છિદ્રોવાળું એક ઘર ઘણા વખતથી ઉઘાડું પડેલું છે અને તેમાં કોઈનો વાસ નથી. હવે એક મનુષ્યને તેમાં રહેવાની ઈચ્છા થાય છે, તેથી દીવો લઈને તેમાં પ્રવેશ કરે છે અને તેનાં બધાં બારી-બારણાં બંધ કરીને, સાવરણીવડે તેમાંનો બધો કચરો સાફ કરી નાખે છે, તેથી એ ઘર રહેવા લાયક બને છે અને તેમાં પેલો પુરુષ સુખેથી નિવાસ કરે છે. તે જ રીતે આસ્રવરૂપ ઉઘાડા દ્વારવાળો જીવરૂપ ઓરડો મોક્ષના સુખથી શૂન્ય છે અને મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગરૂપ પવનવડે આવેલા કર્મરૂપી કચરાથી ભરાયેલો છે. તેને મોક્ષસુખના નિવાસ માટે શુદ્ધ કરવાનો છે. તેથી આત્મ-અનાત્મ વગેરેનો ભેદ બતાવનારા **જ્ઞાન**રૂપી દીવાની જરૂર છે; નવાં કર્મો પ્રવેશ ન પામે તે માટે બારી-બારણાં બંધ કરવાની ક્રિયારૂપ **સંયમ**ની અગત્ય છે અને લાગેલાં કર્મો નાશ પામે તે માટે સંમાર્જનની ક્રિયારૂપ **તપ**ની પણ આવશ્યકતા છે. આ રીતે જ્ઞાન તથા ક્રિયાનો સંયોગ થાય તો જ જીવ મોક્ષસુખને પામી શકે છે.

## ( ૨૩ ) જ્ઞાન, સંયમ અને તપ.

એક સ્થળે આર્ય મહર્ષિઓએ કહ્યું છે કે—

**नाणं पयासयं सोहओ, तवो संजमो य गुत्तिकरो ।**
**तिण्हं पि समाओगे, मोक्खो जिणसासणे भणिओ ॥**

"**જ્ઞાન** પ્રકાશક છે, **સંયમ** ગુપ્તિકર છે અને **તપ** શોધક છે. એ ત્રણેના સંયોગથી જ જિનશાસનમાં મોક્ષ કહેલો છે."

અહીં કોઇને એવો પ્રશ્ન થાય કે આગળ તો 'જ્ઞાન અને ક્રિયાના સંયોગથી મુક્તિસુખ કહ્યું અને અહીં જ્ઞાન, સંયમ અને તપથી મોક્ષની પ્રાપ્તિ કહેવામાં આવે છે, તો એમાં સાચું શું? એનો ઉત્તર એ છે કે 'સંયમ અને તપ એ ક્રિયારૂપ છે, તેથી બંનેનો અર્થ એક જ છે.'

અહીં બીજો પ્રશ્ન એવો પણ પૂછવાનો સંભવ છે કે '**सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः ।**' 'સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર એ ત્રણ મોક્ષનો માર્ગ છે,' એવું સૂત્ર પ્રસિદ્ધ છે અને અહીં તો માત્ર જ્ઞાન અને ક્રિયાના સંયોગથી જ મોક્ષ કહેવામાં આવે છે, તો તેમાં પૂર્વાપર વિરોધ નથી શું?' એનું સમાધાન એ છે કે 'સમ્યગ્દર્શન વિનાનું જ્ઞાન એ સમ્યગ્જ્ઞાન નથી, તેથી જ્ઞાન શબ્દમાં સમ્યગ્-દર્શન અંતર્ભૂત છે અને ક્રિયા એ સ્પષ્ટપણે ચારિત્રનો જ પર્યાયવાચી શબ્દ છે, તેથી એ બંને વિધાનોમાં પૂર્વાપર વિરોધ જેવું કંઈ જ નથી.'

## (૨૪) એકનું પ્રતિપાદન એ બીજાનો નિષેધ નથી.

પાઠક મહાશયોએ એક વાત સ્પષ્ટપણે સમજી લેવાની જરૂર છે કે આર્ય મહર્ષિઓ વસ્તુની અનેક બાજુને જોઇને

તેનું પ્રતિપાદન કરનારા છે, તેથી જ્યાં પણ એક વસ્તુની ઉપયોગિતા સમજાવવાની જરૂર લાગે, ત્યાં તેનું વિવિધ યુક્તિઓ અને દૃષ્ટાંતોવડે સમર્થન કરે છે, પરંતુ તેની પૂરક બીજી વસ્તુઓનો નિષેધ કરતા નથી. દાખલા તરીકે જ્યારે તેઓ શ્રદ્ધા કે સમ્યક્ત્વનું મહત્ત્વ પ્રકાશતા હોય છે ત્યારે તેને ધર્મનું મૂળ કહે છે, સર્વ સદ્ગુણોનો ભંડાર કહે છે અને મોક્ષમાર્ગમાં જવાનો દરવાજો કહે છે ( જે અપેક્ષાએ સાચું છે ), પણ તેનો અર્થ એ નથી કે-સમ્યગ્જ્ઞાન અને સમ્યક્-ચારિત્ર જરૂરનાં નથી. તે જ રીતે જ્યારે તેઓ જ્ઞાનનું અપૂર્વ મહત્ત્વ પ્રકાશતા હોય છે, ત્યારે તેને અજ્ઞાન અને મોહનો નાશ કરનારું કહે છે, સકલસિદ્ધિનું સદન કહે છે અને મુક્તિનો અનન્ય ઉપાય કહે છે ( જે અપેક્ષાએ સાચું છે ), પણ તેનો અર્થ એ નથી કે-સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્ર નકામાં છે. તે જ રીતે જ્યારે તેઓ ચારિત્રનું મહત્ત્વ પ્રકાશતા હોય છે, ત્યારે તેને જ્ઞાનના સારરૂપ, સર્વ કર્મનો નાશ કરનાર અને મોક્ષનું અનન્ય કારણ કહે છે ( જે અપેક્ષાએ સાચું છે ), પરંતુ તેનો અર્થ એ નથી કે-સમ્યગ્દર્શન અને સમ્યગ્-જ્ઞાન નિરુપયોગી છે.

તાત્પર્ય કે-બધાં સાધનો પોતપોતાનાં સ્થાને મહત્ત્વનાં છે, તેથી એકનું પ્રતિપાદન એ બીજાનો નિષેધ નથી.

: ૨ .

# ચારિત્રધર્મ

## (૨૫) ચારિત્ર ધર્મના પ્રકારો

સમ્યક્ ચારિત્રને ઉત્પન્ન કરનારો ધર્મ ચારિત્રધર્મ કહેવાય છે. જે બે પ્રકારનો છે: (૧) સર્વવિરતિ અને (૨) દેશવિરતિ. તેમાં સર્વવિરતિ એ પાપવ્યાપારના સર્વ ત્યાગરૂપ છે અને દેશવિરતિ એ પાપવ્યાપારના દેશ ત્યાગરૂપ છે.

## (૨૬) પાપવ્યાપાર

'પાપવ્યાપાર કોને કહેવાય?' અને તે કેટલા પ્રકારે થાય છે? એનો ઉત્તર એ છે કે–જે વ્યાપાર, પ્રવૃત્તિ કે આચરણથી અવશ્ય કર્મનો બંધ થાય તે પાપ-વ્યાપાર કહેવાય, તે અસંખ્ય પ્રકારે થાય છે, પણ વ્યવહારની સરલતા ખાતર શાસ્ત્રકારોએ તેના અઢાર પ્રકારો પાડ્યા છે અને તેમાં પણ મુખ્યતા પહેલા પાંચની જ માની છે, તે આ રીતે:—

(૧) **પ્રાણાતિપાત**—હિંસા કરવી તે.

(૨) **મૃષાવાદ**—જૂઠું બોલવું તે.
(૩) **અદત્તાદાન**—ચોરી કરવી તે.
(૪) **મૈથુન**—અબ્રહ્મ સેવવું તે.
(૫) **પરિગ્રહ**—મમત્વ બુદ્ધિથી વસ્તુનો સંગ્રહ કરવો તે.
(૬) ક્રોધ—ગુસ્સો કરવો તે.
(૭) માન—અભિમાન રાખવું તે.
(૮) માયા—કપટ કરવું તે.
(૯) લોભ—તૃષ્ણા રાખવી તે.
(૧૦) રાગ—પ્રીતિ કરવી તે.
(૧૧) દ્વેષ—અપ્રીતિ કરવી તે.
(૧૨) કલહ—કંકાસ કરવો તે.
(૧૩) અભ્યાખ્યાન—આળ ચડાવવું તે.
(૧૪) પૈશુન્ય—ચાડી ખાવી તે.
(૧૫) રતિ-અરતિ—હર્ષ અને શોક કરવો તે.
(૧૬) પરપરિવાદ—અન્યનો અવર્ણવાદ બોલવો તે.
(૧૭) માયામૃષાવાદ—પ્રપંચ કરવો તે.
(૧૮) મિથ્યાત્વશલ્ય—વિપરીત શ્રદ્ધા કરવી તે.

ક્રોધ-માન--માયા--લોભ--રાગ--દ્વેષ--કલહ-અભ્યાખ્યાન-પૈશુન્ય--રતિ અરતિ-પરપરિવાદ--માયામૃષાવાદ અને મિથ્યાત્વશલ્ય વડે યા તો હિંસા થાય છે, યા તો જૂઠું બોલાય છે, યા તો ચોરી કરાય છે, યા તો અબ્રહ્મ સેવાય છે કે વસ્તુનો મમત્વપૂર્વક સંગ્રહ થાય છે, તેથી **પ્રાણાતિપાત**, **મૃષાવાદ**, **અદત્તાદાન**, **મૈથુન** અને **પરિગ્રહ** એ પાંચને જ મુખ્ય પાપો માનવામાં આવ્યાં છે.

## (૨૭) ત્યાગની વ્યાખ્યા

'ત્યાગ કોને કહેવાય ?' એનો ઉત્તર એ છે કે–હેય વસ્તુને પોતાની ઈચ્છાથી છોડી દેવી તેને ત્યાગ કહેવાય છે, પરંતુ સુબંધુની માફક અનિચ્છાથી છોડવી તેને ત્યાગ કહેવાતો નથી.

સમ્રાટ્ ચંદ્રગુપ્તના મૃત્યુ પછી તેની ગાદીએ બિંદુસાર આવ્યો, ત્યારે નંદ રાજાનો સંબંધી સુબંધુ તેનો પ્રધાન થયો. આ સુબંધુને ચાણાક્ય ઉપર ઘણો દ્વેષ હતો, એટલે તેણે અનેક પ્રકારની યુક્તિ--પ્રયુક્તિઓ અજમાવીને રાજાનું મન તેના પ્રત્યે અભાવવાળું કર્યું. આ વસ્તુસ્થિતિ ચતુર ચાણાક્ય તરત જ પામી ગયો અને પોતાનું અપમૃત્યુ ન થાય તે માટે પોતાની સઘળી માલમિલ્કતની વ્યવસ્થા કરીને તેણે અણુસણ( આહાર-ત્યાગ )નો રાહ લીધો. પરંતુ એ રીતે મરતાં પહેલાં તેણે એક ડાબલી તૈયાર કરી અને તેને પોતાના પટારામાં રાખી મૂકી.

હવે ચાણાક્ય મૃત્યુ પામતાં સુબંધુએ તેનું ઘર રહેવાના મિષથી રાજા પાસેથી માગી લીધું અને તેમાંની બધી વસ્તુઓ ક્રમશઃ તપાસવા માંડી. તે વેળા પેલો પટારો પણ તપાસ્યો, તો તેમાંથી એક બંધ પેટી નીકળી. સુબંધુએ એ પેટીને પણ ઉઘાડી નાખી, તો તેમાંથી બીજી બંધ પેટી નીકળી. આમ પેટીની અંદરથી પેટી નીકળતાં છેવટે પેલી ડાબલી નીકળી અને તેને ઉઘાડતાં તેમાંથી એક પ્રકારની સુગંધ નીકળી તથા એક કાગળ મળી આવ્યો. તે કાગળમાં લખ્યું હતું કે 'જે મનુષ્ય આ ડાબલીની સુગંધને સૂંઘે, તેણે ત્યારથી માંડીને જીવનપર્યંત સ્ત્રી, પલંગ, આભૂષણ અને સ્વાદિષ્ટ ભોજનનો ત્યાગ કરવો તથા કઠોર જીવન ગાળવું, અન્યથા તેનું મૃત્યુ થશે.'

સુબંધુએ આ વાતની ખાતરી કરવા તે ડાબલી એક બીજા પુરુષને સુંઘાડી જોઇ, પછી તેને સ્વાદિષ્ટ ભોજન કરાવ્યું અને સુંદર વસ્ત્રાભૂષણોથી સજ્જ કરીને પલંગ પર સૂવાડ્યો કે તરત જ તે મૃત્યુ પામ્યો. આથી તેને ખાતરી થઇ કે ચાણક્યે કાગળમાં જે લખ્યું તે સાચું હતું, એટલે જીવનની રક્ષા માટે તેણે પણ સ્ત્રી, પલંગ, વસ્ત્રાભૂષણ અને સ્વાદિષ્ટ ભોજનનો ત્યાગ કરવો જોઇએ. તેથી તે દિવસથી માંડીને સુબંધુએ એ દરેક વસ્તુનો ત્યાગ કર્યો. આવો અનિચ્છાએ કરાયેલો ત્યાગ એ વાસ્તવિક ત્યાગ નથી. બીજા શબ્દોમાં કહીએ તો આ જાતનો ત્યાગ એ બાહ્ય ત્યાગ કે દ્રવ્યત્યાગ છે પણ આંતરિક ત્યાગ કે ભાવત્યાગ નથી.

## ( ૨૮ ) સર્વત્યાગ અને દેશત્યાગ.

'અહીં સર્વત્યાગ અને દેશત્યાગ શબ્દોથી શું અભિપ્રેત છે ?' તેનો ઉત્તર એ છે કે-પાપવ્યવહાર મનથી પણ થાય છે, વચનથી પણ થાય છે અને કાયાથી પણ થાય છે. વળી તે પોતે કરવાથી થાય છે, બીજા પાસે કરાવવાથી પણ થાય છે અને કોઈ કરતું હોય તેને અનુમોદન આપવાથી પણ થાય છે. આ સર્વ પ્રકારે ત્યાગ કરવો તે સર્વત્યાગ છે અને તેથી ઓછો ત્યાગ કરવો તે દેશત્યાગ છે. એટલે પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહ એ પાંચ પાપોને મન, વચન અને કાયાથી કરવાં નહિ, કરાવવાં નહિ અને અનુમોદવાં પણ નહિ એ પાપવ્યાપારનો સર્વત્યાગ છે અને સર્વવિરતિરૂપ ચારિત્ર છે, જ્યારે તે પાપોની સ્થૂલ એટલે મોટી મોટી બાબતોનો ત્યાગ કરવો તે દેશવિરતિરૂપ ચારિત્ર છે.

## ( ૨૯ ) સર્વવિરતિ–ચારિત્ર

સંસારની અસારતાને પૂરેપૂરી જાણી ચૂકેલો, ભવભ્રમણથી ખેદ પામેલો અને વિનયાદિ ગુણોથી યુક્ત વિરક્ત આત્મા સર્વવિરતિ ચારિત્રનો અધિકારી ગણાય છે અને તેને ગ્રહણ કરવાથી સાધુ, યતિ કે શ્રમણ થયેલો મનાય છે. આ ચારિત્ર ગ્રહણ કરતી વખતે સર્વ પાપાચારના ત્યાગ માટે નીચેનું પ્રત્યાખ્યાન કરવામાં આવે છે.

**करेमि भंते ! सामाइयं, सव्वं सावज्जं जोगं पच्चक्खामि, जावज्जीवाए तिविहं तिविहेणं, मणेणं वायाए काएणं, न करेमि, न कारवेमि, करंतंपि अन्नं न समणुजाणामि, तस्स भंते ! पडिक्कमामि, निंदामि, गरिहामि, अप्पाणं वोसिरामि ॥ "**

" હે ભદંત ! હું સામાયિક ( નામનું ચારિત્ર ગ્રહણ ) કરું છું. તે અંગે સર્વ પાપવ્યાપારનું પ્રત્યાખ્યાન કરું છું, યાવજ્જીવ ત્રિવિધે ત્રિવિધે, મનથી, વચનથી અને કાયાથી કરું નહિ, કરાવું નહિ, અન્ય કરતો હોય તેને સારું જાણું નહિ, હે ભદંત ! તે સંબંધી ભૂતકાળમાં જે પાપ કર્યું હોય તેનાથી હું પાછો ફરું છું, તેની હું આત્મસાક્ષીએ નિંદા કરું છું, તેની હું ગુરુસાક્ષીએ નિંદા કરું છું અને તેવી પાપી વૃત્તિ-વાળા આત્માનો–પાપી વૃત્તિઓનો ત્યાગ કરું છું. '

શાસ્ત્રકારોએ સર્વવિરતિ ચારિત્રને ( ૧ ) સામાયિક ( ૨ ) છેદોપસ્થાનીય ( ૩ ) પરિહારવિશુદ્ધિ ( ૪ ) સૂક્ષ્મસંપરાય ( ૫ ) યથાખ્યાત એમ પાંચ પ્રકારનું માનેલું છે, એટલે સામાયિક એ પ્રથમ પ્રકારનું ચારિત્ર છે અને તેને ધારણ કરવા માટે જ પ્રસ્તુત પ્રત્યાખ્યાન કરવામાં આવે છે.

આ પ્રત્યાખ્યાન કર્યા પછી પ્રાણાતિપાતાદિ પાંચે પાપોનું ક્રમશઃ પ્રત્યાખ્યાન કરવામાં આવે છે, જેને પાંચ મહાવ્રતની ધારણા કહેવાય છે. આ પાંચ મહાવ્રતના ૨૫૨ ભાંગાની ગણતરી નીચે મુજબ થાય છે.

## ( ૩૦ ) પહેલું પ્રાણાતિપાતવિરમણ-વ્રત, તેના ભાંગા ૮૧

૯ **પૃથ્વીકાયને** મન, વચન અને કાયાથી હણે નહિ, હણાવે નહિ અને હણતાને ભલો માને નહિ. (૩×૩=૯)

૯ **અપ્કાયને** મન, વચન અને કાયાથી હણે નહિ, હણાવે નહિ અને હણતાને ભલો માને નહિ.

૯ **તેઉકાયને** મન, વચન અને કાયાથી હણે નહિ, હણાવે નહિ અને હણતાને ભલો માને નહિ.

૯ **વાઉકાયને** મન, વચન અને કાયાથી હણે નહિ, હણાવે નહિ અને હણતાને ભલો માને નહિ.

૯ **વનસ્પતિને** મન, વચન અને કાયાથી હણે નહિ, હણાવે નહિ અને હણતાને ભલો માને નહિ.

૯ **બેઇંદ્રિયને** મન, વચન અને કાયાથી હણે નહિ, હણાવે નહિ અને હણતાને ભલો માને નહિ.

૯ **તેઇંદ્રિયને** મન, વચન અને કાયાથી હણે નહિ, હણાવે નહિ અને હણતાને ભલો માને નહિ.

૯ **ચઉરિંદ્રિયને** મન, વચન અને કાયાથી હણે નહિ, હણાવે નહિ અને હણતાને ભલો માને નહિ.

૯ પંચેંદ્રિયને મન, વચન અને કાયાથી હણે નહિ, હણાવે નહિ અને હણતાને ભલો માને નહિ.

૮૧

## (૩૧) બીજું મૃષાવાદવિરમણ-વ્રત, તેના ભાંગા ૩૬

૯ ક્રોધથી મન, વચન, કાયાએ જૂઠું બોલે નહિ, જૂઠું બોલાવે નહિ અને બોલતાને ભલો જાણે નહિ.

૯ હાંસીથી મન, વચન, કાયાએ જૂઠું બોલે નહિ, જૂઠું બોલાવે નહિ અને બોલતાને ભલો જાણે નહિ.

૯ ભયથી મન, વચન, કાયાએ જૂઠું બોલે નહિ, જૂઠું બોલાવે નહિ અને બોલતાને ભલો જાણે નહિ.

૯ લોભથી મન, વચન, કાયાએ જૂઠું બોલે નહિ, બોલાવે નહિ અને બોલતાને ભલો જાણે નહિ.

૩૬

## (૩૨) ત્રીજું અદત્તાદાનવિરમણ-વ્રત, તેના ભાંગા ૫૪

૯ મન, વચન, કાયાએ અલ્પ ચોરી કરે નહિ, કરાવે નહિ તથા કરતાને ભલો જાણે નહિ.

૯ મન, વચન, કાયાએ ઘણી ચોરી કરે નહિ, કરાવે નહિ તથા કરતાને ભલો જાણે નહિ.

૯ મન, વચન, કાયાએ નાની ચોરી કરે નહિ, કરાવે નહિ તથા કરતાને ભલો જાણે નહિ.

૯ મન, વચન, કાયાએ મોટી ચોરી કરે નહિ, કરાવે નહિ તથા કરતાને ભલો જાણે નહિ.

૯ મન, વચન, કાયાએ સચિત્તની ચોરી કરે નહિ, કરાવે નહિ તથા કરતાને ભલો જાણે નહિ.

૯ મન, વચન, કાયાએ અચિત્તની ચોરી કરે નહિ, કરાવે નહિ તથા કરતાને ભલો જાણે નહિ.

૫૪

## (૩૩) ચોથું મૈથુનવિરમણ-વ્રત, તેના ભાંગા ૨૭

૯ મન, વચન, કાયાથી દેવતાની સ્ત્રી ભોગવે નહિ, ભોગવાવે નહિ અને ભોગવતાને ભલો જાણે નહિ.

૯ મન, વચન, કાયાથી મનુષ્યની સ્ત્રી ભોગવે નહિ, ભોગવાવે નહિ અને ભોગવતાને ભલો જાણે નહિ.

૯ મન, વચન, કાયાથી તિર્યંચની સ્ત્રી ભોગવે નહિ, ભોગવાવે નહિ અને ભોગવતાને ભલો જાણે નહિ.

૨૭

## (૩૪) પાંચમું પરિગ્રહવિરમણ-વ્રત, તેના ભાંગા ૫૪

૯ મન, વચન અને કાયાથી થોડો પરિગ્રહ રાખે નહિ, રખાવે નહિ અને રાખતાને ભલો જાણે નહિ.

૯ મન, વચન, કાયાથી ઘણો પરિગ્રહ રાખે નહિ, રખાવે નહિ અને રાખતાને ભલો જાણે નહિ.

૯ મન, વચન, કાયાથી નાનો પરિગ્રહ રાખે નહિ, રખાવે નહિ અને રાખતાને ભલો જાણે નહિ.

૯ મન, વચન, કાયાથી મોટો પરિગ્રહ રાખે નહિ, રખાવે નહિ અને રાખતાને ભલો જાણે નહિ.

૯ મન, વચન, કાયાથી સચિત્ત પરિગ્રહ રાખે નહિ, રખાવે નહિ અને રાખતાને ભલો જાણે નહિ.

૯ મન, વચન, કાયાથી અચિત્ત પરિગ્રહ રાખે નહિ, રખાવે નહિ અને રાખનારને ભલો જાણે નહિ.

---
૫૪

## ( ૩૫ ) રાત્રિભોજન વિરમણ-વ્રત

પાંચ મહાવ્રતો ધારણ કરનારે રાત્રિભોજનનું પણ સર્વથા વિરમણ કરવાનું હોય છે. એટલે પાંચ મહાવ્રત અને છઠ્ઠા રાત્રિભોજનવિરમણ વ્રતથી સર્વવિરતિ ચારિત્રનો પ્રારંભ થાય છે.

## ( ૩૬ ) સવાર-સાંજ પ્રતિક્રમણ

વ્રત ધારણ કર્યા પછી તેનું પાલન કરવા માટે પૂરેપૂરી કાળજી અને સુદૃઢ પ્રયત્ન કરવાની આવશ્યકતા છે, એટલે **યતના** અને **પુરુષાર્થ** એ બે વ્રતના પ્રાણ ગણાય છે. આમ છતાં શરતચૂકથી કે અજાણતાં જો વ્રતપાલનમાં કોઈ સ્ખલના થઇ જાય તો તેની નિંદા કરવી ઘટે છે, ગર્હા કરવી ઘટે છે અને તે માટે યોગ્ય પ્રાયશ્ચિત્ત લઇને વિશુદ્ધ થવું આવશ્યક છે. આ માટે સવારે અને સાંજે પ્રતિક્રમણ કરવાની યોજના છે. પ્રતિક્રમણ એટલે મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ અને કષાય-માંથી પાછા ફરવું અને પોતાના મૂળસ્થાને આવી જવું. આ મહત્ત્વપૂર્ણ આધ્યાત્મિક ક્રિયાનાં મુખ્ય અંગો ‘ છ ’ છે, તેથી તે ષડાવશ્યક પણ કહેવાય છે. આ છ અંગોનાં નામો તથા કામો નીચે મુજબ સમજવા—

( ૧ ) **सामाइय**–સામાયિક. નિરવદ્ય રહેવું, સમભાવ કેળવવો, જ્ઞાનમાં વૃદ્ધિ કરવી.

( ૨ ) **चउवीसत्थो**–ચતુર્વિંશતિ જિનસ્તવન. ચોવીશ તીર્થંકરોનું ગુણકીર્તન કરવું, ભક્તિભાવ વધારવો, દર્શન ગુણની શુદ્ધિ કરવી.

( ૩ ) **वंदणग**–વંદન. ગુરુને પરમ વિનયપૂર્વક વંદન કરવું, તેમના પ્રત્યે સમર્પણભાવ કેળવવો અને તેમની પાસેથી અનુભવસિદ્ધ આત્મજ્ઞાન મેળવવું.

( ૪ ) **पडिक्कमण**–પ્રતિક્રમણ. વ્રતમાં લાગેલા અતિચારોનું શોધન કરવું, આત્મનિરીક્ષણ કરવું અને તેમાં જે દોષો થયેલા જણાય તેની નિંદા અને ગર્હા કરવી. આત્માને તેના મૂળ સ્થાને પાછો લાવવો.

( ૫ ) **काउस्सग्ग**–કાયોત્સર્ગ. થયેલાં પાપોની વિશેષ શુદ્ધિ માટે મનને ધ્યાનમાં જોડવું, વાણીને મૌન રાખવી અને કાયાને એકસ્થાને સ્થિર રાખી તેના વડે કોઈ પણ ઇચ્છાપૂર્વકની પ્રવૃત્તિ કરવી નહિ.

( ૬ ) **पच्चक्खाण**–પ્રત્યાખ્યાન. આત્મગુણોની વૃદ્ધિ કરવી અને નાની મોટી કોઇ પણ તપશ્ચર્યા કરવાનો નિર્ણય કરવો.

## ( ૩૭ ) ચરણસિત્તરી અને કરણસિત્તરી

સર્વવિરતિ ચારિત્રનો સંપૂર્ણ વિકાસ કરવા માટે ચરણસિત્તરી અને કરણસિત્તરી આવશ્યક મનાય છે. ચરણસિત્તરી એટલે ચારિત્રને લગતાં સિત્તેર બોલો અને કરણસિત્તરી એટલે ક્રિયાને લગતા સિત્તેર બોલો. તેની ગણતરી નીચે મુજબ થાય છે–

वय( ५ ) समणधम्म( १० ) संजम ( १७)
वेयावच्चं( १० ) च बंभगुत्तीओ (९) ।
नाणाइतिअ( ३ ) तव( १२ ) कोह-
निग्गहाई( ४ ) चरणमेअं ॥ "

" પાંચ મહાવ્રતો, દશ પ્રકારનો શ્રમણધર્મ, સત્તર પ્રકારનો સંયમ, દશ પ્રકારનું વૈયાવૃત્ય, નવ બ્રહ્મચર્યની વાડો, ત્રણ જ્ઞાનાદિત્રિક, બાર પ્રકારનું તપ અને ચાર પ્રકારનો ક્રોધાદિ નિગ્રહ એ સિત્તેર બોલથી ચરણસિત્તરી કહેવાય છે. "

પાંચ મહાવ્રતોનું વર્ણન ઉપર આવી ગયું.

દશ પ્રકારના શ્રમણધર્મ( યતિધર્મ ) માટે કહ્યું છે કે-

" खन्ति-मद्दव-अज्जव-मुत्ति-तव-संजमे अ बोधव्वे ।
सच्चं सोअं अकिंचणं च बंभं च जइधम्मो ॥ "

( ૧ ) ક્ષાન્તિ-ક્ષમા કે ક્રોધનો અભાવ.
( ૨ ) માર્દવ-મૃદુતા કે માનનો અભાવ.
( ૩ ) આર્જવ-સરલતા કે માયાનો અભાવ.
( ૪ ) મુક્તિ-સંતોષ કે લોભનો અભાવ.
( ૫ ) તપ-ઇચ્છાઓનો નિરોધ.
( ૬ ) સંયમ-ઇંદ્રિયો પર જય.
( ૭ ) સત્ય-વસ્તુનું યથાસ્થિત કથન.
( ૮ ) શૌચ-બધા જીવો સાથે અનુકૂળ વ્યવહાર.
( ૯ ) અકિંચનતા-સર્વ પ્રકારના પરિગ્રહનો ત્યાગ.
( ૧૦ ) બ્રહ્મચર્ય-અબ્રહ્મનો સર્વથા ત્યાગ કે કુશલાનુષ્ઠાન.

મનુ મહારાજે મનુસ્મૃતિમાં ધર્મનાં દશ લક્ષણો આ રીતે બતાવેલાં છે;

**" धृतिः क्षमो यमोऽस्तेयं, शौचमिन्द्रियनिग्रहः ।**
**धीर्विद्या सत्यमक्रोधो, दशकं धर्मलक्षणम् ॥ "**

(૧) **ધૃતિ**-સંતોષ, (૨) **ક્ષમા**-ક્રોધનાં કારણોની હાજરી કે ગેરહાજરીમાં સમભાવ (૩) **દમ**-વિકારનાં કારણો હોવા છતાં વિક્રિયાને પ્રાપ્ત થવું નહિ. (૪) **અસ્તેય**-ચોરી કરવી નહિ. (૫) **શૌચ**-અન્તઃકરણને પવિત્ર રાખવું. (૬) **ઇન્દ્રિયનિગ્રહ**-પાંચે ઇંદ્રિયોને કાબૂમાં રાખવી. (૭) **ધી**-શાસ્ત્ર, અનુભવ અને સંપ્રદાયમાં તત્ત્વનું ચિંતન કરવું. (૮) **વિદ્યા**-આત્મજ્ઞાન પ્રાપ્ત કરવું. (૯) **સત્ય**-જે વાત જેવી હોય તેવી જ બતાવવી. (૧૦) **અક્રોધ**-ક્રોધનું ગમે તેવું કારણ મળે તો પણ ક્રોધ ન કરવો.

સત્તર પ્રકારના સંયમ માટે કહ્યું છે કે—

**" पंचासवाविरमणं, पंचंदियनिग्गहो कसायजओ ।**
**दंडतियस्स विरई, सत्तरसहा संजमो होइ ॥ "**

પાંચ આસ્રવો(પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહ)થી વિરમણ, પાંચ ઇંદ્રિયોનો નિગ્રહ, ચાર કષાયનો જય અને મનદંડ, વચનદંડ તથા કાયદંડથી વિરતિ-એ સત્તર પ્રકારનો સંયમ હોય છે. (આમાંનાં કેટલાક ભેદોની

ગણુના સ્વતંત્ર થયેલી છે પણુ સંયમનું ચિત્ર આ ગુણોવડે પૂર્ણ થતું હોઈ તેની અહીં પુનરુક્તિ કરેલી છે.)

દશ પ્રકારના વૈયાવૃત્ય માટે કહ્યું છે કે—

“ आयरियउवज्झाए, तवस्सिसेहे गिलाणसाहूसु ।
समणुन्नसंघकुलगण, वेआवच्चं हवइ दसहा ॥ ”

(૧) આચાર્ય, (૨) ઉપાધ્યાય, (૩) તપસ્વી, (૪) શૈક્ષક (શિક્ષા લેતો), (૫) ગ્લાન (બિમાર), (૬) સાધુ, (૭) સમનોજ્ઞ (૮) શ્રમણસંઘ, (૯) કુલ અને (૧૦) ગણુ એ દશ પ્રકારનું વૈયાવૃત્ય હોય છે. એટલે આ દશની સેવા-શુશ્રૂષા કરવી એ દશ પ્રકારનું વૈયાવૃત્ય છે.

બ્રહ્મચર્યની નવ વાડો માટે કહ્યું છે કે—

“ वसहि कहनिसिज्जिन्दिय, कुड्डुंतर पुव्वकीलिए पणिए ।
अइमायाहारविभूसणाइं, नव बंभचेरगुत्तीओ ॥ ”

(૧) वसहि-विविक्तवसतिसेवा-સ્ત્રી, પશુ અને નપુંસકના વાસથી રહિત એવા એકાંત વિશુદ્ધ સ્થાનમાં વાસ કરવો.

(૨) कह-स्त्रीकथापरिहारः-સ્ત્રીઓ સંબંધી વાતો કરવી નહિ.

(૩) निसिज्ज-निषद्याऽनुपवेशनम्-જે પાટ, પાટલા, શયન, આસન વગેરે પર સ્ત્રી બેઠેલી હોય, તે બે ઘડી સુધી વાપરવાં નહિ.

(૪) इंदिय-इन्द्रियाप्रयोगः-રાગને વશ થઈ સ્ત્રીનાં અંગોપાંગોનું નિરીક્ષણ કરવું નહિ.

( ૫ )कुड्डुंतर-कुड्यांतरदाम्पत्यवर्जनम्-ભીંતના આંતરે સ્ત્રી-પુરુષનું યુગલ રહેલું હોય, તેવા સ્થાનમાં રહેવું નહિ.

( ૬ ) पुव्वकीलिए-पूर्वक्रीडितास्मृतिः—સ્ત્રી સાથે પૂર્વકાળે કરેલી ક્રીડાનું સ્મરણ કરવું નહિ.

( ૭ ) पणिए-प्रणीताभोजनम्-માદક આહાર વાપરવા નહિ. અર્થાત્ બને તેટલો નીરસ આહાર વાપરવો.

( ૮ ) अइमायाहार-अतिमात्राहाराभोगः-નીરસ આહાર પણ પ્રમાણથી વધારે લેવો નહિ, વધારે આહારથી ઇંદ્રિયો ઉશ્કેરાય છે અને કામવાસના જાગૃત થાય છે.

( ૯ ) विभूसणाइ-विभूषापरिवर्जनम्-શરીરને શોભાવવા માટેની ટાપટીપનો ત્યાગ કરવો.

જ્ઞાનત્રિક એટલે જ્ઞાન, દર્શન અને ચારિત્રની ઉપાસના કરવી.

બાર પ્રકારના તપ માટે કહ્યું છે કે—

" अणसणमुणोअरिआ, वित्तीसंखेवणं रसच्चाओ ।
कायकिलेसो संलीणआ य, बज्झो तवो होइ ॥
पायच्छितं विणओ, वेआवच्चं तहेव सज्झाओ ।
झाणं उस्सग्गो वि अ, अब्भितरओ तवो होइ ॥ "

( ૧ ) અનશન ( ૨ ) ઊનોદરિકા ( ૩ ) વૃત્તિસંક્ષેપ ( ૪ ) રસત્યાગ ( ૫ ) કાયક્લેશ અને ( ૬ ) સંલીનતા એ બાહ્ય તપ છે અને ( ૭ ) પ્રાયશ્ચિત્ત ( ૮ ) વિનય ( ૯ ) વૈયાવૃત્ય (૧૦) સ્વાધ્યાય ( ૧૧ ) ધ્યાન અને ( ૧૨ ) કાયોત્સર્ગ એ અભ્યંતર તપ છે.

(૧) અનશન—ઉપવાસ.

(૨) ઊનોદરિકા—પ્રમાણ કરતાં ઓછું ખાવું.

(૩) વૃત્તિસંક્ષેપ—ખાવાનાં દ્રવ્યોમાં ઘટાડો કરવો અથવા અભિગ્રહ ધારણ કરવો.

(૪) રસત્યાગ—ઘી, દૂધ, દહીં, તેલ, ગોળ ને પકવાન એ છ રસમાંથી બને તેટલાનો કે બધાનો ત્યાગ કરવો. (માંસ, માખણ, મધ અને મદિરા એ ચાર મહાવિકૃતિનો સાધુ તથા શ્રાવક ઉપયોગ કરતા નથી.)

(૫) કાયકલેશ—ટાઢ, તાપ સહન કરવો, ઊઘાડા પગે તથા ઊઘાડા માથે રહેવું, પરીષહો સહન કરવા વગેરે.

(૬) સંલીનતા–એકાંતનું સેવન કરવું તથા અંગોપાંગ સંકોચીને રહેવું.

(૭) પ્રાયશ્ચિત્ત–થયેલા દોષો અંગે ગુરુદત્ત પ્રાયશ્ચિત્તનો સ્વીકાર કરવો.

(૮) વિનય–દેવ, ગુરુ અને ધર્મનો વિનય કરવો.

(૯) વૈયાવૃત્ય-દશ પ્રકારે વૈયાવૃત્ય કરવું કે જેનો ઉલ્લેખ ઉપર આવી ગયો છે.

(૧૦) સ્વાધ્યાય-વાચના, પૃચ્છના, પરિવર્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથા એ પાંચ પ્રકારનો સ્વાધ્યાય કરવો.

(૧૧) ધ્યાન–આર્ત્ત અને રૌદ્રધ્યાન છોડી ધર્મધ્યાન તથા શુકલધ્યાનનો અભ્યાસ કરવો.

(૧૨) કાયોત્સર્ગ-કાયાને એક સ્થાને સ્થિર કરવી અને ઇચ્છાપૂર્વકની પ્રવૃત્તિ છોડી દેવી, વાણીથી મૌન રહેવું અને મનને ધ્યાનમાં જોડવું.

ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાયનો નિગ્રહ કરવો.

**કરણસિત્તરી માટે કહ્યું છે કે—**

**" पिंडविसोही(४) समिई(५) भावण(१२),**
**पडिमा(१२) व इंदियनिरोहो(५) ।**
**पडिलेहण(२५) गुत्तीओ(३),**
**अभिग्गहा(४) चेव करणं तु ॥ "**

ચાર પ્રકારની પિંડવિશુદ્ધિ, પાંચ સમિતિઓ, બાર ભાવના, બાર પ્રતિમાઓનું વહન, પાંચ ઇંદ્રિયોનો નિરોધ, પચીશ પ્રતિલેખના, ત્રણ ગુપ્તિ અને ચાર પ્રકારના અભિગ્રહો એ સિત્તેર બોલથી કરણસિત્તરી કહેવાય છે.

આહારવિશુદ્ધિ, શય્યાવિશુદ્ધિ, વસ્ત્રવિશુદ્ધિ અને પાત્રવિશુદ્ધિ એ ચાર પ્રકારની પિંડવિશુદ્ધિ છે.

ઈર્યાસમિતિ-નીચી દૃષ્ટિ રાખીને યતનાપૂર્વક ચાલવું; ભાષાસમિતિ-જરૂર જેટલી નિર્દોષ અને હિતકારક ભાષા યતનાપૂર્વક બોલવી; એષણાસમિતિ-આહારપાણી દોષરહિત મેળવવા; આદાન-નિક્ષેપસમિતિ-વસ્ત્ર, પાત્ર વગેરે યતનાથી લેવાં મૂકવાં અને પારિષ્ઠાપનિકાસમિતિ-મળ, મૂત્ર આદિ ત્યાગવા કે પરઠવવા યોગ્ય વસ્તુઓ યતનાપૂર્વક પરઠવવી. એ પાંચ સમિતિઓ છે.

અનિત્ય, અશરણ, સંસાર, એકત્વ, અન્યત્વ, અશુચિત્વ, આસ્રવ, સંવર, નિર્જરા, ધર્મસ્વાખ્યાત, લોક અને બોધિદુર્લભ

એ બાર ભાવનાઓ છે. તેમાં સર્વ પદાર્થો અનિત્ય છે, એ ચિંતવવું તે **અનિત્ય ભાવના** છે; સંસારમાં પ્રાણીને કોઈનું શરણ નથી, એમ ચિંતવવું તે **અશરણ ભાવના** છે; જન્મ, જરા અને મરણથી આ સંસાર ભરેલો છે તથા અનાદિ પરિભ્રમણનું કારણ છે, એમ ચિંતવવું એ **સંસાર ભાવના** છે; હું એકલો જ છું, એકલો આવ્યો છું ને એકલો જવાનો છું, એમ ચિંતવવું એ **એકત્વ ભાવના** છે; આ આત્મા ધન, બંધુ તથા શરીરથી જુદો છે, એમ ચિંતવવું એ **અન્યત્વ ભાવના** છે; શરીરનું અપવિત્રપણું ચિંતવવું એ **અશુચિ ભાવના** છે; કર્મના હેતુઓને ચિંતવવા એ **આસ્રવ ભાવના** છે; સંયમનું સ્વરૂપ ચિંતવવું એ **સંવર ભાવના** છે; તપનો મહિમા ચિંતવવો એ **નિર્જરા ભાવના** છે; જિનેશ્વરોએ કહેલો ધર્મ મહાપ્રભાવશાળી છે, એમ ચિંતવવું એ **ધર્મસ્વાખ્યાત ભાવના** છે; ચૌદ રાજલોકનું સ્વરૂપ ચિંતવવું એ **લોક ભાવના** છે અને સમ્યક્ત્વની દુર્લભતા ચિંતવવી એ **બોધિદુર્લભ ભાવના** છે.

બાર પ્રકારની ભિક્ષુપડિમા–ભિક્ષુપ્રતિમા માટે કહ્યું છે કે—

" **मासाई संत्तता पढमाबिइतइअसत्तरायदिणा ।**
**अहराइ एगराई भिक्खूपडिमाण बारसंगं ॥** "

(૧) માસિકી, (૨) દ્વૈમાસિકી, (૩) ત્રૈમાસિકી, (૪) ચાતુર્માસિકી, (૫) પંચમાસિકી, (૬) ષાણ્માસિકી, (૭) સપ્તમાસિકી, (૮) પ્રથમ સપ્તરાત્રિંદિવા, (૯) દ્વિતીય સપ્તરાત્રિંદિવા (૧૦) તૃતીય સપ્તરાત્રિંદિવા, (૧૧) અહોરાત્રિકી અને (૧૨) એકરાત્રિકી–એ બાર ભિક્ષુપ્રતિમાઓ છે.

પાંચ ઇંદ્રિયોનો નિરોધ પ્રસિદ્ધ છે.

સવારે અને સાંજે વસ્ત્રો, ઉપકરણો તથા પાત્રને સૂક્ષ્મતાથી જોવાં એ પ્રતિલેખના કહેવાય છે. તેમાં સવારની પ્રતિલેખનામાં બધી મળીને ૧૪ વસ્તુઓનું પ્રતિલેખન કરવાનું હોય છે. અને સાંજની પ્રતિલેખનામાં ૧૧ વસ્તુઓનું પ્રતિલેખન કરવાનું હોય છે. એ રીતે પ્રતિલેખના પચીશ પ્રકારની ગણાય છે.

મનોગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ એ ત્રણ ગુપ્તિઓ છે. તેમાં મનનો ઓછામાં ઓછો ઉપયોગ કરવો કે તેને શુભોપયોગમાં એકાગ્ર રાખવું એ મનોગુપ્તિ છે. વાણીનો ઓછામાં ઓછો ઉપયોગ કરવો અને તેમાં જયણા રાખવી અથવા સર્વથા મૌન લેવું, એ વચનગુપ્તિ છે અને કાયાવડે ઓછામાં ઓછું જયણાપૂર્વક હલનચલન કરવું એ કાયગુપ્તિ છે.

અભિગ્રહ ચાર પ્રકારે થાય છેઃ (૧) દ્રવ્યથી, (૨) ક્ષેત્રથી, (૩) કાળથી અને (૪) ભાવથી. અમુક દ્રવ્ય મળે તો જ લેવું એ દ્રવ્યથી અભિગ્રહ કહેવાય છે, અમુક ઘરોમાંથી કે અમુક લતા વગેરેમાંથી મળે તો જ લેવું એ ક્ષેત્રથી અભિગ્રહ કહેવાય છે, અમુક કાળે મળે તો જ લેવું એ કાળથી અભિગ્રહ કહેવાય છે અને અમુક સ્થિતિ-સંયોગોમાં મળે તો જ લેવું એ ભાવ અભિગ્રહ કહેવાય છે. પ્રભુ શ્રી મહાવીરના જે અભિગ્રહનું મહાસતી ચંદનબાલાના હાથે પારણું થયું હતું તે અભિગ્રહ આ ચારે પ્રકારનો હતો.

આ રીતે ચરણસિત્તરી અને કરણસિત્તરીનું પાલન કરવાથી સર્વ ચારિત્રનો સંપૂર્ણ વિકાસ થાય છે. આ ચારિત્ર ધારણ કરનારની સમજણ અને ક્રિયા કેવી હોય છે, તે પર મૃગાપુત્રની કથા સુંદર પ્રકાશ પાડે છે.

## (૩૮) મૃગાપુત્રની કથા

અનેક ઉદ્યાનોથી સુશોભિત અને સમૃદ્ધિથી રમણીય **સુગ્રીવ** નામનું એક નગર હતું. તેમાં **બલભદ્ર** નામે રાજા રહેતો હતો. તેને **મૃગાવતી** નામે રાણી હતી, જેનાથી **બલશ્રી** નામનો એક કુમાર ઉત્પન્ન થયો. આ કુમાર **મૃગાપુત્ર** તરીકે સવત્ર ઓળખાતો હતો.

તે દોગુન્દક જાતિના દેવોની માફક મનોહર રમણીઓ સાથે નંદન નામના મહેલમાં હમેશા આનંદપૂર્વક ક્રીડા કરતો હતો. એક વાર તે એ મહેલના ગોખમાં બેસીને નગરના ત્રણ રસ્તા, ચાર રસ્તા અને મોટાં ચોગાનોને જોતો હતો, તેવામાં તપશ્ચર્યા, સંયમ અને નિયમોને ધારણ કરનાર, અપૂર્વ બ્રહ્મ-ચારી અને ગુણની ખાણરૂપ એક સંયમી–સાધુ તેના જોવામાં આવ્યા કે તે એને ધારી ધારીને જોવા લાગ્યો અને આંખનું એક પણ મટકું માર્યા વિના તેમની સામે તાકી રહ્યો. તેમ કરતાં તેને વિચાર આવ્યો કે 'આવું સ્વરૂપ, આવો વેશ મેં પહેલાં ક્યાંક અવશ્ય જોયો છે.' આ પ્રમાણે ચિંતન કરતાં શુભ અધ્યવસાય જાગૃત થયા અને મોહનીય કર્મનો ઉદય મંદ થવાથી ત્યાં ને ત્યાં જાતિસ્મરણજ્ઞાન ઉત્પન્ન થયું.

આ જ્ઞાન થવાથી તેણે પોતાના ગત જન્મોને જોયા અને તેમાં આદરેલું સાધુપણું યાદ આવ્યું; તેથી ચારિત્રમાં પ્રીતિ ઉદ્ભવી અને વિષયોમાં વિરક્તિ થઈ એટલે તેણે માતાપિતાની પાસે આવીને કહ્યું:—

'હે માતાપિતા! પૂર્વકાળમાં મેં પાંચ મહાવ્રતરૂપ સંયમ-

ધર્મ પાળેલો તેનું સ્મરણ થયું છે અને તેથી નરક, તિર્યંચ આદિ ગતિના અનેક દુઃખોથી ભરેલા સંસારસમુદ્રથી નિવૃત્ત થવાને ઇચ્છું છું, માટે મને આજ્ઞા આપો. હું પવિત્ર પ્રવ્રજ્યા (સર્વવિરતિ ચારિત્રની દીક્ષા) ગ્રહણ કરીશ.

હે માતાપિતા! પરિણામે કિંપાક ફળની પેઠે નિરંતર કડવાં ફળ દેનારા અને એકાંત દુઃખની પરંપરાથી જ વીંટળાયેલા એવા ભોગો મેં ખૂબ ભોગવી લીધા છે. વળી આ શરીર અશુચિથી ઉત્પન્ન થયેલું હોઇ કેવળ અપવિત્ર અને અનિત્ય છે તથા દુઃખ અને ક્લેશોનું ભાજનપાત્ર છે. પાણીના ફીણ કે પરપોટા જેવા ક્ષણિક શરીરમાં આસક્તિ શી? તે હમણાં કે પછી જરૂર જવાનું છે, તેમાં હું કેમ લોભાઉં? પીડા અને રોગના ઘર સમાન તથા જરા અને મરણથી ઘેરાયેલા આ અસાર અને ક્ષણભંગુર મનુષ્યદેહમાં હવે એક ક્ષણમાત્ર હું આનંદ પામી શકું તેમ નથી. અહો! આ આખો સંસાર દુઃખમય છે, અને તેમાં રહેલાં પ્રાણીઓ જન્મ-જરા-રોગ-મરણનાં દુઃખોથી પીલાઇ રહ્યાં છે.

હે માતાપિતા! આ ઘર, સુવર્ણ, પુત્ર, સ્ત્રી, બંધુઓ, બહેનો અને શરીરને છોડીને મારે વહેલું કે મોડું અવશ્ય જવાનું છે.

હે માતાપિતા! ઘર બળતું હોય ત્યારે તે ઘરનો માલીક અસાર વસ્તુઓને છોડી પહેલાં બહુ મૂલ્યવાળી વસ્તુઓ જ કાઢી લે છે, તેમ આ આખો લોક જરા અને મરણથી બળી રહ્યો છે. આપ મને આજ્ઞા આપો તો તેમાંથી તુચ્છ એવા કામભોગોને તજીને કેવળ મારા આત્માને જ ઉગારી લઉં."

તરુણ પુત્રની આવી તાલાવેલી જોઈ માતાપિતાએ કહ્યું: "હે પુત્ર! સાધુપણું ઘણું કઠિન છે, સાધુપુરુષને જીવનપર્યંત પ્રાણીમાત્ર પર સમભાવ રાખવો પડે છે, શત્રુ અને મિત્ર બંનેને સમાન દૃષ્ટિએ જોવાના હોય છે અને હાલતાં, ચાલતાં, ખાતાં એમ પ્રત્યેક ક્રિયામાં થતી સૂક્ષ્મ હિંસાથી પણ વિરમવું પડે છે. આ સ્થિતિ ખરેખર ઘણી દુર્લભ છે.

સાધુને જીવન પર્યન્ત ભૂલેચૂકે પણ અસત્ય બોલવાનું હોતું નથી. સતત સાવધાન રહીને હિતકારી છતાં સત્ય બોલવું એ ઘણું કઠિન છે.

સાધુને દાંત ખોતરવાની સળી પણ રાજીખુશીથી દીધા વિના લઈ શકાતી નથી. તેવી રીતે દોષરહિત ભિક્ષા મેળવવી એ પણ અતિ કઠિન છે.

કામભોગોના રસને જાણનારાએ મૈથુનથી સાવ વિરક્ત રહેવું એ કંઇ સામાન્ય વાત નથી. આવું ઘોર બ્રહ્મચર્ય પાળવું અતિ કઠિન છે.

ધન, ધાન્ય કે દાસાદિ કોઈ પણ વસ્તુનો પરિગ્રહ ન રાખવો, તેમજ સંસારની હિંસાદિ સર્વ ક્રિયાઓનો ત્યાગ કરવો તે દુષ્કર છે. ત્યાગ કરીને કોઈ વસ્તુ પર મમતા પણ ન રાખવી તે અતિ દુષ્કર છે.

અન્ન, પાણી, મેવા કે મુખવાસ એ ચાર પ્રકારના આહારમાંથી કોઇપણનો ઉપયોગ રાત્રે કરી શકાય નહિ, તેમજ કોઈ

પણ વસ્તુનો બીજા દિવસને માટે સંગ્રહ કરી શકાય નહિ, એવું જે છઠ્ઠું વ્રત તે પણ અતિ કઠિન છે.

સંયમ જીવન, દારુણ કેશલુંચન અને દુષ્કર બ્રહ્મચર્ય-પાલન આ બધું શક્તિવાળાને પણ કઠિન થાય છે.

હે પુત્ર! તું સુકોમળ અને સુમજ્જિત (ભોગમાં ડૂબેલો) છે અને ભોગસુખને યોગ્ય છે, તેથી સાધુપણું પાળવાને સમર્થ નથી.

વેળુનો કોળિયો જેટલો નિરસ છે, તેટલો જ સંયમ (ચારિત્ર) પણ નિરસ છે. તલવારની ધાર પર ચાલવાનું જેટલું કઠિન છે, તેટલું જ તપશ્ચર્યાના માર્ગમાં પ્રયાણ કરવાનું કઠિન છે.

જેમ બળતી અગ્નિની ઝાળ પીવી દોહલી છે, તેમ કરુણ વયમાં સાધુપણું પાળવું દુષ્કર છે; માટે હે પુત્ર! તું શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ એ પાંચે વિષયોના મનુષ્ય સંબંધી ભોગોને ભોગવ અને ભુક્તભોગી થઇને પછી ચારિત્રધર્મને ખુશીથી સ્વીકારજે."

માતાપિતાનાં આવાં વચનો સાંભળીને મૃગાપુત્રે કહ્યું: "હે માતાપિતા! આપે કહ્યું તે સત્ય છે પરંતુ નિઃસ્પૃહીને આ લોકમાં કશુંય અશક્ય નથી. વળી આ સંસારચક્રમાં દુઃખ અને ભય ઉપજાવનારી શારીરિક અને માનસિક વેદનાઓ હું અનંતી વાર સહન કરી ચૂકયો છું માટે મને પ્રવ્રજ્યા લેવાની રજા આપો."

આ સાંભળી માતાપિતાએ કહ્યું: "હે પુત્ર! તારી ઇચ્છા હોય તો ભલે દીક્ષિત થા, પરંતુ ચારિત્ર ધર્મમાં દુઃખ પડચે પ્રતિક્રિયા (દુઃખને હઠાવવાનો ઉપાય) નહિ થાય."

મૃગાપુત્રે કહ્યું: “ આપ કહો છો તે સત્ય છે, પરંતુ આપને હું પૂછું છું કે જંગલમાં પશુપક્ષીઓ વિચરતાં હોય છે, તેની પ્રતિક્રિયા કોણ કરે છે ? જેમ જંગલમાં મૃગ એકલો સુખેથી વિહાર કરે છે, તેમ સંયમ અને તપશ્ચર્યાવડે હું એકાકી ચારિત્રધર્મમાં સુખપૂર્વક વિચરીશ. ”

આ પ્રમાણે પુત્રનો દૃઢ વૈરાગ્ય જોઇને માતાપિતાનાં હૃદય પીગળી ગયાં. તેમણે કહ્યું: “ હે પુત્ર ! તને જેમ સુખ ઉપજે તેમ કર. ”

તે વખતે પાકી આજ્ઞા લેવા માટે મૃગાપુત્રે ફરીથી કહ્યું: “ આપની આજ્ઞા હોય તો હમણાં જ સર્વ દુઃખમાંથી છોડાવનાર મૃગચર્યારૂપ સંયમને આદરું. ”

આ સાંભળીને માતાપિતાએ પ્રસન્ન ચિત્તે કહ્યું: “ પ્યારા પુત્ર ! યથેચ્છ વિહાર કરો. ”

આ પ્રમાણે માતાપિતાને સમજાવીને અને તેમની આજ્ઞા લઇને મહાન્ હાથી જેમ બખ્તરને ભેદી નાખે તેમ એણે સર્વ મમત્વને ભેદી નાખ્યું અને સમૃદ્ધિ, ધન, મિત્રો, સ્ત્રી, પુત્રો અને સ્વજનોનો ત્યાગ કર્યો.

હવે મૃગાપુત્ર મુનિ પાંચ મહાવ્રતો, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિથી યુક્ત બનીને આભ્યંતર તથા બાહ્ય તપશ્ચર્યામાં ઉદ્યમવંત થયા. તથા મમતા, અહંકાર, આસક્તિ અને ગર્વને છોડી ત્રસ તેમજ સ્થાવર જીવો પર પોતાના આત્મા સમાન વર્તવા લાગ્યા. વળી લાભમાં કે અલાભમાં, સુખમાં કે દુઃખમાં,

જીવિતમાં કે મરણમાં, નિંદામાં કે પ્રશંસામાં અને માન કે અપમાનમાં સમવર્તી બન્યા અને કોઈ શરીરને ચંદન લગાડો કે વાંસલાથી કાપો એ બંને દશામાં સમવર્તી થયા.

પછી અપ્રશસ્ત એવાં પાપોના આસ્રવથી (આગમનથી) સર્વ પ્રકારે રહિત થયા તેમજ ધ્યાનના બળથી કષાયોનો નાશ કરીને પ્રશસ્ત શાસનમાં સ્થિર થયા. એ પ્રમાણે જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વિશુદ્ધ ભાવનાઓથી પોતાના આત્માને વિશુદ્ધ બનાવીને ઘણાં વર્ષો સુધી ચારિત્ર-(સાધુપણું) પાળીને એક માસનું અણુસણુ કરીને શ્રેષ્ઠ સિદ્ધિગતિને પામ્યા. તાત્પર્ય કે-જે આત્મા વૈરાગ્યથી પૂરેપૂરો રંગાયેલો હોય અને મહાવ્રતો ધારણ કર્યા પછી તેનું યથાર્થ પાલન કરે, તેમજ પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ અને દશવિધ યતિધર્મને બરાબર અનુસરે તેનું સાધુપણું સાર્થક છે.

## (૩૯) દેશવિરતિ-ચારિત્ર

શ્રી અરિહંત ભગવંતને દેવ માનનારો, પંચમહાવ્રતધારી નિર્ગ્રંથ મહાત્માઓને ગુરુ માનનારો અને સર્વજ્ઞકથિત તત્ત્વોને ધર્મ માનનારો ભવભીરુ આત્મા દેશવિરતિ ચારિત્રનો અધિકારી ગણાય છે અને તેને ગ્રહણ કરવાથી શ્રાવક કે ઉપાસક થયેલો ગણાય છે.

આ ચારિત્ર સદ્ગતિના કારણરૂપ છે, ગૃહસ્થ ધર્મના અલંકારરૂપ છે અને આવતાં નવીન કર્મોને અમુક અંશે રોકી શકે છે. તેની ધારણા સમ્યક્ત્વ સાથે નીચેનાં બાર વ્રતો ગ્રહણ કરવાથી થાય છે:

**પાંચ અણુવ્રતોઃ** (૧) સ્થૂલ પ્રાણાતિપાતવિરમણ-વ્રત, (૨) સ્થૂલ મૃષાવાદવિરમણ-વ્રત, (૩) સ્થૂલ અદત્તાદાનવિરમણ-વ્રત, (૪) સ્વદારસંતોષ (૫) પરિગ્રહપરિમાણ વ્રત.

**ત્રણ ગુણવ્રતોઃ** (૬) દિક્પરિમાણ-વ્રત (૭) ભોગોપભોગપરિમાણ-વ્રત (૮) અનર્થદંડવિરમણ-વ્રત.

**ચાર શિક્ષાવ્રતોઃ** (૯) સામાયિક-વ્રત. (૧૦) દેશાવકાશિક-વ્રત, (૧૧) પૌષધોપવાસ-વ્રત, (૧૨) અતિથિસંવિભાગ-વ્રત.

'સર્વવિરતિ ચારિત્રમાં પાંચ વ્રતો ગ્રહણ કરાય છે, તો દેશવિરતિ ચારિત્રમાં પણ પાંચ જ વ્રતો કેમ નહિ?' તેનો ઉત્તર એ છે કે 'દેશવિરતિ ચારિત્રમાં પણ મૂળ વ્રતો કે મુખ્ય વ્રતો તો પહેલાં પાંચ જ છે, પરંતુ તે ઘણી છૂટછાટવાળાં હોવાથી બીજાં સાત વ્રતોની યોજના કરવામાં આવી છે કે જેના પાલનથી અણુવ્રતધારી આત્મા ઉત્તરોત્તર પ્રગતિ કરતો સર્વવિરતિ ચારિત્ર સુધી પહોંચી શકે.'

'અણુવ્રત, ગુણવ્રત અને શિક્ષાવ્રતનો અર્થ શું?' એનો ઉત્તર એ છે કે 'મહાવ્રતની અપેક્ષાએ જે વ્રત અણુ એટલે નાનું છે, તે **અણુવ્રત.** જે વ્રતવડે ગુણની એટલે ચારિત્રગુણની પુષ્ટિ થાય તે ગુણવ્રત. અને જે વ્રતો વારંવાર આદરવા યોગ્ય હોવાથી આત્માને શિક્ષારૂપ (શિક્ષણરૂપ) છે, તે શિક્ષાવ્રત. એક અપેક્ષાએ શિક્ષાવ્રતો પણ ગુણવ્રતો જ છે, એટલે અણુવ્રતો સિવાયનાં બાકીનાં સાતે વ્રતોને ગુણવ્રતો માનવામાં

પણ કંઇ હરકત નથી. પ્રાચીન સાહિત્યમાં સાત ગુણવ્રતોનો ઉલ્લેખ આવે છે, તે આ જ દૃષ્ટિએ.'

## સ્થૂલ પ્રાણાતિપાતવિરમણ-વ્રત.

સ્થૂલ પ્રાણાતિપાતવિરમણ-વ્રત એટલે સ્થૂલ હિંસાનો ત્યાગ. આ વ્રતમાં નિરપરાધી ત્રસ જીવોને સંકલ્પીને નિરપેક્ષપણે મારવા નહિ, એવું પ્રત્યાખ્યાન કરવામાં આવે છે. તેનો સ્પષ્ટાર્થ એ છે કે-જે ત્રસ જીવોએ મારો કંઇ પણ અપરાધ કરેલો નથી તેમને હું વિના પ્રયોજને મારવાની બુદ્ધિએ મારીશ નહિ. આવું પ્રત્યાખ્યાન કરવાનું કારણ એ છે કે-આ જગત્માં જીવો બે પ્રકારના છેઃ એક ત્રસ અને બીજા સ્થાવર. (ત્રસ એટલે બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય અને પંચેન્દ્રિય. સ્થાવર એટલે પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય અને વનસ્પતિકાય.) તેમાંથી ગૃહસ્થો ત્રસની દયા પાળી શકે પણ સ્થાવરોની દયા પાળી શકે નહિ, કારણ કે તેમની હિંસા કર્યા વિના ખાવા-પીવા વગેરેનાં સાધનો મેળવી શકાતાં નથી. આ જીવોની જયણા થઇ શકે એટલે કે તેમની ઓછામાં ઓછી હિંસા કેમ થાય? તેવો પ્રયત્ન થઈ શકે. વળી ત્રસ જીવોમાં પણ ગૃહસ્થો નિરપરાધીની દયા પાળી શકે પણ અપરાધીની દયા પાળી શકે નહિ, કારણ કે તેમ કરવા જતાં રાજ્ય ઝુંટવાઇ જાય, દેશ પરાધીન બને, ચોર-લૂંટારા ગુંડા-બદમાશનું ચડી વાગે અને તેઓ સ્ત્રી, બાળકો, માલમત્તાં વગેરે તમામ વસ્તુઓને ઉઠાવી જાય. તાત્પર્ય કે-અપરાધીને શિક્ષા કરવાની છૂટ ન રાખે તો ગૃહસ્થનું કામ-ગૃહસ્થનો વ્યવહાર ચાલી શકે નહિ. વળી ગૃહસ્થોને આજીવિકાદિ કારણે ખેતરો ખેડવાં પડે, ઘર તથા હાટો

બનાવવાં પડે, કૂવા તથા વાવ-તળાવો ખોદાવવાં પડે, કોટ-કિલ્લા ચણાવવા પડે, એમ કેટલાંક આરંભના કામો અવશ્ય કરવાં પડે, તેમાં નિરપરાધી ત્રસ જીવોની દયા પાળી શકે નહિ એટલે તેનાથી એટલું જ બની શકે કે નિરપરાધી ત્રસ જીવોની સંકલ્પપૂર્વક-ઇરાદપૂર્વક-જાણી જોઇને હિંસા કરવી નહિ. વળી નિરપરાધી ત્રસ જીવોને સંકલ્પિત આરંભના પ્રયોજન સિવાય પણ તાલીમ આપવા વગેરેના હેતુથી મારફુંડ વગેરે કરવી પડે છે. જો તેમ ન કરે તો જાનવરો કેળવાય નહિ તથા પુત્ર-પુત્રીઓ સરખાં ચાલે નહિ કે યોગ્ય રીતે કેળવાય નહિ. એટલે સાપેક્ષપણે વધ-બંધનાદિ કરવાની છૂટ રાખવી પડે છે. આ રીતે ગૃહસ્થો વીસ વસા દયામાંથી સવા વસો દયા પાળી શકે છે. સવા વસાની ગણતરી નીચે મુજબ થાય છે.

ત્રસ અને સ્થાવરની સંપૂર્ણ દયા તે ૨૦ વસા. તેમાંથી સ્થાવરની દયા બાદ થઇ એટલે ૧૦ વસા બાકી રહ્યા. ત્રસની દયામાં નિરપરાધી ત્રસની દયા અને સાપરાધી ત્રસની દયા. તેમાંથી સાપરાધી ત્રસની દયા બાદ થઈ એટલે ૫ વસા બાકી રહ્યાં. નિરપરાધી ત્રસ જીવોની હિંસા પ્રયોજનપૂર્વક અને નિષ્પ્રયોજન એમ બે રીતે થાય, તેમાંથી પ્રયોજનપૂર્વકની હિંસા ટળી શકે નહિ એટલે ૨॥ વસા બાકી રહ્યા. તેમાં પણ નિરપેક્ષ હિંસા ટળી શકે પણ સાપેક્ષ હિંસા ટળી શકે નહિ એટલે બાકી રહ્યો ૧॥ વસા.

અહિંસા સર્વ વ્રતોમાં મુખ્ય છે, એટલે તેના પાલનમાં પૂરેપૂરું લક્ષ્ય રાખવું ઘટે છે.

## સ્થૂલ મૃષાવાદવિરમણ-વ્રત.

સ્થૂલ મૃષાવાદવિરમણ-વ્રત એટલે સ્થૂલ મૃષાવાદનો ત્યાગ. તે નીચેની રીતે કરવામાં આવે છે.

(૧) કન્યા કે વર સંબંધી ખોટું બોલી કોઇને છેતરવા નહિ.

(૨) ગાય, ભેંસ વગેરે જાનવરો સંબંધી ખોટું બોલી કોઇને છેતરવા નહિ.

(૩) જમીન, ખેતર વગેરે સંબંધી ખોટું બોલી કોઇને છેતરવા નહિ.

(૪) કોઈની થાપણ ઓળવવી નહિ.

(૫) કોર્ટ-કચેરીમાં ખોટી સાક્ષી પૂરવી નહિ.

## સ્થૂલ અદત્તાદાનવિરમણ-વ્રત.

સ્થૂલ અદત્તાદાનવિરમણ-વ્રત એટલે સ્થૂલ ચોરીનો ત્યાગ, તે નીચેની રીતે કરવામાં આવે છે.

(૧) ખાતર પાડવું નહિ.

(૨) ગાંઠ છોડીને કે પેટી-પટારાં ઉઘાડીને કોઈની વસ્તુ કાઢી લેવી નહિ.

(૩) ધાડ પાડવી નહિ.

(૪) તાળા પર કુંચી કરીને એટલે તાળાં ઉઘાડીને કોઇની વસ્તુ કાઢી લેવી નહિ.

(૫) પરાઇ વસ્તુને પોતાની કરી લેવી નહિ.

## સ્વદારાસંતોષ-વ્રત

સ્વદારાસંતોષ એટલે પરસ્ત્રીનો ત્યાગ કરી પોતાની પરિણીત સ્ત્રીમાં જ સંતોષ માનવો. આ વ્રત ધારણ કરનાર જો રખાત રાખે, વિધવાને ભોગવે કે કુંવારી કન્યા સાથે આડો વ્યવહાર રાખે તો એનું વ્રત મલિન થાય. એ કોઇની સ્ત્રી નથી એમ માનીને તેને ભોગવી શકાય નહિ.

## પરિગ્રહપરિમાણ-વ્રત

પરિગ્રહપરિમાણ વ્રત એટલે માલ-મિલકતની મર્યાદા કરવાનું વ્રત. તેમાં (૧) ધન, (૨) ધાન્ય, (૩) ક્ષેત્ર (ખેતર-જમીન), (૪) વાસ્તુ (ઘર-હાટ), (૫) રૂપું, (૬) સોનું, (૭) અન્ય ધાતુઓ(નાં વાસણો વગેરે), (૮) દ્વિપદ (નોકર-ચાકર વગેરે) અને (૯) ચતુષ્પદ (ઢોર-ઢાંખર) એ નવ જાતના પરિગ્રહની મર્યાદા નક્કી કરવામાં આવે છે. એટલે નક્કી કરેલી મર્યાદાથી ઓછી વસ્તુ રાખી શકાય પણ વધારે વસ્તુ રાખી શકાય નહિ, અમર્યાદિત તૃષ્ણાને ઘટાડીને સંતોષ તરફ વળવાની આ વ્રતમાં સુંદર જોગવાઈ છે.

## દિક્પરિમાણ-વ્રત.

દિક્પરિમાણ વ્રત એટલે દિશાઓનું પ્રમાણ નક્કી કરવું વ્રત, તેમાં ઊર્ધ્વ, અધો અને તિર્યગ્ દિશામાં વધારેમાં વધારે કેટલું દૂર જવું તેની મર્યાદા નક્કી કરવામાં આવે છે. આ જાતની મર્યાદા કરવાથી પ્રાણાતિપાતવિરમણ અને પરિગ્રહ-પરિમાણને પુષ્ટિ મળે છે. લોભનો થોભ નથી અને ક્ષેત્ર અનંત

છે, તેથી ક્ષેત્રની મર્યાદા નક્કી કરીને તેમાં સંતોષપૂર્વક રહેવું એ ઉપાસકને માટે ઇષ્ટ છે.

## ભોગોપભોગવિરમણ--વ્રત.

ભોગોપભોગવિરમણ વ્રત એટલે ભોગ્ય અને ઉપભોગ્ય વસ્તુઓની મર્યાદા કરતું વ્રત. તેમાં નીચે પ્રમાણે વસ્તુઓની મર્યાદા કરવામાં આવે છે.

બાવીશ અભક્ષ્ય, રાત્રિભોજન, ચલિતરસ અને અનંતકાયનો ધારણા પ્રમાણે ત્યાગ.

## બાવીશ અભક્ષ્ય.

(૧) માંસ, માછલી, ઇંડા, કૉડલીવર ( માછલીનું ) ઑઇલ.

(૨) મધ–મધપુડાનું, મધપુડાના મુખનું ટપકેલું.

(૩) માખણ–દૂધનું માખણ, દહીંનું માખણ ( માખણ છાસમાં ડૂબતું હોય તેનો આમાં સમાવેશ થતો નથી.)

(૪) મદિરા–દારુ. તાડી, સિંધી, ચડશ, ગાંજા, મદક. ( આમાં આસવનો સમાવેશ થતો નથી. )

(૫થી ૯) ઉંબરો, કાલુંબર, પીપર, પીપળો, વડનાં ફળ.

(૧૦) બરફ–બરફ ફેક્ટરીનો આઇસ, આઇસ્ક્રીમ, કુલફી, રેફ્રીજેટર, મશીનનો બરફ.

(૧૧) ઝેર–અફીણ, સોમલ, વચ્છનાગ, હરતાલ, પોટાશીઅમ અને સાઇનાઇડ ( આમાં અણાહારી અફીણ અને મારેલ સોમલ વગેરેનો સમાવેશ થતો નથી. )

(૧૨) કરા.

(૧૩) કાચી માટી-માટી, દંતમંજનમાં વપરાતી માટી.

(૧૪) રીંગણા-રીંગણાની જાતિ ( આમાં ટમેટાનો સમાવેશ થતો નથી. )

(૧૫) બહુબીજ-જેમાં ગભ જુદો ન પડે તેટલા બીજ હોય તે, જેમકે:-પટોલ, પંપોટા, અંજીર, ખસખસ.

(૧૬) બોળો-ત્રણ દિવસ પછીના અથાણાં, રાયતા, ચટણી, લીંબુ, છુંદો. ( આમાં મુરબ્બો અને શરબતનો સમાવેશ થતો નથી. )

(૧૭) વિદલ-કઠોળ, કુમટીઆ, ગુવાર, મેથીદાણા કે તેની ભાજી, કાચા દૂધ, દહીં અને છાસ સાથે વિદળ થાય છે. પહેલા કાચું મેળવીને ગરમ કરે, તે પણ વિદળ છે, તેની જયણા.

(૧૮) તુચ્છફળ-જેમાં ખાવાનું અલ્પ અને નાખી દેવાનું ઘણું હોય તે; જેમકે ચણીબોર, જંગલી બોર, પીલું, પીચુ, પૂાલસા.

(૧૯) અજાણ્યા ફળ-જેને કોઈ ન ઓળખતું હોય તેવા પાંદડાં તથા ફળ.

(૨૦) રાત્રિભોજન-સમ્યક્ત્વ વ્રતમાં લખ્યા મુજબ ત્યાગ.

(૨૧) ચલિત રસ-વાસીભોજન. એક તારવાળી કાચી ચાસણીની ચીજ, વાસી દૂધ, સ્વયં જામેલું દૂધ, ફાટેલું દૂધ,

નવી પ્રસૂતિનું દૂધ, વિલાયતી દૂધ, વાસી માવો, બે રાત પછીનું દહીં, બે રાત પછીની છાશ. મેવા કે વનસ્પતિનું બે રાત પછીનું રાયતું. સાંજે છાસમાં તરબોળ રાખેલ આઠ પહોર પછીના ભાત. આર્દ્રા નક્ષત્ર પછી કેરી, ચોમાસામાં ૧૫ દિવસ, ઉનાળામાં ૨૦ દિવસ, શિયાળામાં ૩૦ દિવસ પછીની મીઠાઇ, ગાંઠીઆ, દાળીઆ વિગેરે. ફાગણ ચોમાસી અને અષાડ ચોમાસીમાં મેવા, ભાજી, પાંદડા, મીઠો લીંબડો, અળવી, પોઇ, અજમો, નાગરવેલ, ફોદીનો, તુલસી, ચા, કોથમીર, મેવાવાળી મીઠાઈ, મેવાવાળી ઠંડાઈ, (બદામ, નાળીએર, સોપારી, મગફળી અને કાળી દ્રાક્ષનો મેવામાં સમાવેશ થતો નથી.) રૂપ, રસ, ગંધ કે સ્પર્શ બદલાઈ જતાં ચારે આહાર.

## (૩૨) બત્રીસ અનન્તકાય—લીલી, સૂકી.

૧ સુરણકંદ
૨ વજ્રકંદ
૩ આદુ
૪ બટેટા
૫ હીરલીકંદ
૬ લસણ
૭ ગાજર
૮ લૌઢી (પદ્મિનીકંદ)
૯ ગરમર
૧૦ ખીરસુઆકંદ (કાળા વાળવાળા નાના કંદ-કસેરો)
૧૧ થેગ
૧૨ લીલી મોથ
૧૩ મૂળા કંદ
૧૪ કંદભાળ
૧૫ લીલો કચુરો
૧૬ શતાવરી

| | |
|---|---|
| ૧૭ કુંઆર પાઠાં | ૨૫ ભૂમીફોડા |
| ૧૮ થોરજાબી | ૨૬ વત્થુલાભાજી |
| ૧૯ લીલી ગળો (સૂકી ગળો અણાહારી) | ૨૭ સુઅર વેલ |
| | ૨૮ પાલક ભાજી |
| ૨૦ વાંસ–કારેલી | ૨૯ કોમળ આંબલી |
| ૨૧ લુણીની છાલ | ૩૦ રતાલુ |
| ૨૨ લુણી | ૩૧ પીંડાળુ |
| ૨૩ ખીલોડા | ૩૨ કોમળ વનસ્પતિ (કીસલય, ચકુરા–ફળ–વરૂ દારૂ સેવાળ) |
| ૨૪ અમ્રતવેલ | |

બાવીશ અભક્ષ્ય, રાત્રિભોજન, ચલિતરસ અને બત્રીસ અનન્તકાયનો ઉપર પ્રમાણે યથાશકિત ત્યાગ. જ્યાં જ્યાં જયણા લખી છે તેની જયણા. અજાણપણામાં દવામાં કે ભેળશેળમાં જયણા. લીલી વનસ્પતિમાં ( ........ ) જાતિથી વધારે વનસ્પતિ ભક્ષણનો ત્યાગ. જેમાં લીલા અનાજ, મશાલા, કઠોળ, શાકભાજી, પાંદડા, ફૂલ, ફળ, મેવા, દાતણ અને ઔષધીનો સમાવેશ થાય છે.

બીજી વનસ્પતિની દવામાં જયણા. સુકવણીની જયણા.

આ વ્રતમાં કર્માદાન તરીકે ગણાતાં નીચેનાં પંદર પ્રકારના ધંધાઓનો પણ ત્યાગ કરવામાં આવે છે.

(૧) **ઇંગાલકમ્મ**–જેમાં અગ્નિનો પ્રચુર ઉપયોગ થતો હોય તેવા ધંધા.

(૨) **વનકમ્મ**–જેમાં વનસ્પતિનું છેદન–ભેદન કરવાનો બહુ પ્રસંગ પડતો હોય તેવા ધંધા.

(૩) **સાડીકમ્મ**–ગાડા, એક્કો વગેરે વાહનો બનાવવાનો ધંધો.

(૪) **ભાડીકમ્મ**–જાનવરો વગેરે રાખીને ભાડું ઉપજાવવાનો ધંધો.

(૫) **ફોડીકમ્મ**–ભૂમિ તથા પત્થર વગેરે ફોડવાનો ધંધો.

(૬) **દંતવાણિજ્જ**–હાથીદાંત, કસ્તૂરી, છીપ, મોતી, શીંગડા, ચામડાં, નખ વગેરે પદાર્થોનો વેપાર.

(૭) **કેસવાણિજ્જ**–ઊન, ચમરી ગાયના પૂછ, માથાનાં વાળ તથા દાસીનો વેપાર.

(૮) **લક્ખવાણિજ્જ**–લાખ, કસુંબો વગેરેનો વેપાર.

(૯) **રસવાણિજ્જ**–ચરબી, માંસ, ઇંડા, દારૂ, મધ, માખણ, દૂધ, ઘી વગેરેનો વેપાર.

(૧૦) **વિસવાણિજ્જ**–કોકીન, અફીણ, વછનાગ, સોમલ વગેરે ઝેરી વસ્તુઓનો વેપાર.

(૧૧) **જંતપિલ્લણકમ્મ**–તેલ--બીયાં વગેરે પીસવાનો ધંધો.

(૧૨) **નિલંછણકમ્મ**–જાનવરોને ખસી કરવાં, ડામ દેવા વગેરેનો ધંધો.

(૧૩) **દવદાણકમ્મ**–પર્વત, જંગલ વગેરેમાં દવ મૂકવાનો ધંધો.

(૧૪) **સરદહતલાવસોસણુકમ્મ**-સરોવર, ધરા, તળાવ વગેરેનાં પાણી સૂકવવાનો ધંધો.

(૧૫) **અસઇપોસણુકમ્મ**-હિંસક જાનવરોને ઉછેરવાનો તથા વેચવાનો ધંધો તેમજ વેશ્યાઓ, દાસીઓ વગેરે રાખીને કુટ્ટણખાનાં ચલાવવાનો ધંધો.

## અનર્થદંડવિરમણ--વ્રત

અનર્થદંડવિરમણ વ્રત એટલે આત્મા વિના-પ્રયોજને દંડાય તેવી પ્રવૃત્તિઓમાંથી અટકી જવાનું વ્રત. તેમાં **અપધ્યાન** એટલે આર્દ્રધ્યાન અને રૌદ્રધ્યાનનો ત્યાગ કરવામાં આવે છે, **પ્રમાદ આચરણ** એટલે મદ્ય, વિષય, કષાય (વધારે પડતી) નિદ્રા અને વિકથાનો ત્યાગ કરવામાં આવે છે, **હિંસાપ્રદાન** એટલે જેનાથી હિંસા થાય તેવી વસ્તુઓ બીજાને ન આપવાનો ત્યાગ કરવામાં આવે છે અને **પાપકર્મોપદેશ** એટલે પાપ થાય તેવો ઉપદેશ કરવાનો ત્યાગ કરવામાં આવે છે. વેરીઓનું નિકંદન કાઢો, માછલાં પકડવાને જાળ નાંખો, વાછરડાઓની ખસી કરો વગેરે વચનપ્રયોગોનો સમાવેશ પાપકર્મોપદેશમાં થાય છે.

## સામાયિક-વ્રત

સર્વ સાવદ્ય વ્યાપારો છોડીને બે ઘડી સુધી નિરવદ્ય વ્યાપાર કરવો એટલે કે જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપની આરાધના કરવી તે સામાયિક કહેવાય છે. તેના વડે સમતા કેળવાય છે, તથા મન, વચન અને કાયા પર કાબૂ આવે છે.

## દેશાવકાશિક-વ્રત

વ્રતોમાં રાખેલી સામાન્ય મર્યાદાનો દૈનિક જીવન પૂરતો સંકોચ કરવો તે દેશાવકાશિક વ્રત કહેવાય છે. તેમાં રોજ પ્રાતઃકાળે નીચેની ચૌદ વસ્તુઓને લગતા નિયમો ધારવામાં આવે છે: (૧) સચિત્ત વસ્તુ, (૨) દ્રવ્ય, (૩) વિકૃતિ, (૪) ઉપાનહ, (૫) તંબોલ, (૬) વસ્ત્ર, (૭) કુસુમ--પુષ્પ, (૮) વાહન, (૯) શયન, (૧૦) વિલેપન, (૧૧) બ્રહ્મચર્ય, (૧૨) દિશા, (૧૩) સ્નાન અને (૧૪) ભોજન.

આઠ સામાયિક અને સવાર સાંજ બે પ્રતિક્રમણ એમ દશ સામાયિક આખા દિવસમાં કરીને દેશાવગાસિક વ્રત કરવાનો વ્યવહાર આજે આ દશમા વ્રતમાં પ્રવર્તે છે.

## પૌષધોપવાસ--વ્રત

પર્વતિથિ વગેરેના દિવસે પણ આહાર, શરીરસત્કાર, ગૃહવ્યાપાર અને અબ્રહ્મચર્યનો ત્યાગ કરી ચાર પ્રહર અથવા આઠ પ્રહર સુધી સામાયિકની કરણી કરવી તે પૌષધોપવાસ કહેવાય છે.

## અતિથિસંવિભાગ--વ્રત

પૌષધને ઉત્તરપારણે અતિથિ એટલે સાધુઓને પરમ વિનય-પૂર્વક નિર્દોષ વસ્તુઓનો સંવિભાગ કરવો એટલે કે તેમને શુદ્ધ વસ્તુઓનું દાન કરવું તે અતિથિસંવિભાગ વ્રત કહેવાય છે.

આ ચારે શિક્ષાવ્રતોનું પાલન કરવાથી આત્માને નિરવદ્ય-નિષ્પાપી જીવન ગાળવાની શિક્ષા--તાલીમ મળે છે, જેથી સર્વ-વિરતિ ચારિત્ર પાળવાની યોગ્યતા આવે છે.

## (૪૦) ઉપસંહાર

નિશ્ચયનયની દૃષ્ટિએ શુદ્ધ લેશ્યાથી અલંકૃત, મોહથી રહિત અને સ્વભાવમાં સ્થિર એવો આત્મા એ જ ચારિત્ર છે અને વ્યવહારની દૃષ્ટિએ સંવરની કરણી તે ચારિત્ર છે. આ કરણી જ્યારે ઉત્કૃષ્ટ ત્યાગભાવનાથી કરવામાં આવે છે ત્યારે સર્વ-વિરતિ કહેવાય છે અને સામાન્ય ત્યાગભાવનાથી કરવામાં આવે છે ત્યારે દેશવિરતિ કહેવાય છે. તેથી મુમુક્ષુ આત્માઓએ સંસારથી વિરક્ત બનીને સર્વવિરતિ ચારિત્રનો અંગીકાર કરવો ઘટે છે અને તે ન જ બની શકે તો દેશવિરતિ ચારિત્રને ગ્રહણ કરવું ઘટે છે, પરંતુ ઉભય ચારિત્રથી રહિત રહીને મનુષ્ય ભવ હારી જવો યોગ્ય નથી. શાસ્ત્રકારોનો એ સ્પષ્ટ અભિપ્રાય છે કે '**अगुणिस्स नत्थि मोक्खो नत्थि निव्वाणं अमोक्खस्स ।**' 'જેને ચારિત્રનો ગુણ સ્પર્શેલો નથી તેને મોક્ષ નથી અને જેનો મોક્ષ નથી તેને નિર્વાણ નથી.' આ સાથે એ પણ યાદ રાખવું ઘટે છે કે-પોતાથી બને તેટલું ચારિત્રનું પાલન કરવું અને ન બને તેને માટે ભાવના રાખવી, તથા જેઓ ચારિત્રનું પાલન કરી રહ્યા છે તેમનું બહુમાન કરવું અને તેમના સત્સંગમાં આવી આત્મબલમાં વૃદ્ધિ કરવી, પણ ચારિત્રહીનની સોબતમાં આવી સ્વચ્છંદચારી થવું નહિ.

**ધર્મનો સાર ચારિત્ર છે.**
**ચારિત્રનો સાર મોક્ષ છે.**

# સુભાષિત.

दीक्षा गृहीता दिनमेकमेव, येनोग्रचित्तेन शिवं स याति ।
न तत् कदाचित् तदवश्यमेव, वैमानिकः स्यात्रिदशप्रधानः ॥

જે મનુષ્યે ઉગ્ર ચિત્તવડે એક જ દિવસ દીક્ષા ગ્રહણ કરી હોય એટલે દીક્ષા પાળી હોય તો તે મોક્ષે જાય છે; કદાચ મોક્ષે ન જાય તો અવશ્ય દેવોની મધ્યે ઉત્તમ એવો વૈમાનિક દેવ તો થાય જ છે.

चारित्ररत्नान्न परं हि रत्नम्, चारित्रवित्तान्न परं हि वित्तम् ।
चारित्रलाभान्न परो हि लाभ–श्चारित्रयोगान्न परो हि योगः ॥

ચારિત્રરૂપી રત્નથી બીજું કોઇ શ્રેષ્ઠ રત્ન નથી, ચારિત્રરૂપી ધનથી બીજું કોઇ શ્રેષ્ઠ ધન નથી, ચારિત્રરૂપી લાભથી બીજો કોઇ શ્રેષ્ઠ લાભ નથી અને ચારિત્રરૂપી યોગથી બીજો કોઇ શ્રેષ્ઠ યોગ નથી.

## -: તુરત ગ્રાહક બનો :-

### સહુ કોઇ સમજી શકે તેવી શૈલી અને ભાષામાં તૈયાર થએલી

સહુ કોઈને વાંચવી ગમી જાય તેવી ધર્મબોધ ગ્રન્થમાળાનાં
૨૦ પુસ્તકોનાં ગ્રાહક બની જાવ.

જૈન ધર્મના ઉચ્ચ સિદ્ધાન્તો અને તેના આચારોને સુંદર ઢબે સમજાવતી, હરકોઇને ઉત્તમ જીવન જીવવામાં અતિ ઉપયોગી લગભગ એંસી એંસી પાનાની, આકર્ષક પુસ્તિકાઓ ૧ થી ૧૦ ની સંખ્યામાં બ્હાર પડી ગઇ છે. જેનાં નામ અનુક્રમે:—

૧ ત્રણ મહાન તકો, ૨ સફળતાની સીડી, ૩ સાચું અને ખોટું (સ્યાદ્વાદ) ૪ આદર્શ દેવ, ૫ ગુરુ દર્શન, ૬ ધર્મામૃત, ૭ શ્રદ્ધા અને શક્તિ, ૮ જ્ઞાનોપાસના, ૯ ચારિત્ર વિચાર, ૧૦ દેતાં શીખો, એ છે.

હવે બાકીની ૧૦ પુસ્તિકાઓ શીલ, તપ, ભાવ, ધ્યાન, યોગ વગેરે વિષયો ઉપરની બ્હાર પડનાર છે.

આ ગ્રન્થમાળા ધર્મ પ્રચારાર્થે, હજારો રૂપીઆની ખોટ સહન કરીને સસ્તી કીંમતે ધર્મ સેવા બજાવે છે તો જુદા જુદા વિષયો ઉપર લખાએલી આકર્ષક છપાઇ, દ્વિરંગી કલાત્મક ટાઇટલ, કુલ ૧૬૦૦ પાનાનું વાંચન, છતાં પોસ્ટેજ સાથે રૂા. ૧૨ માં ગ્રાહક થવા લખો:-

છુટક પુસ્તકો પણ મળી શકશે.

**-: ગ્રાહકો થવાનાં તથા પુસ્તક મેળવવાનાં ઠેકાણાં :-**

શા. લાલચંદ નંદલાલ
ઠે. રાવપુરા ઘીકાંટા—વડોદરા

સી. શાંતિલાલ શાહની કું.
ઠે. ૮૬, પ્રિન્સેસ સ્ટ્રીટ—મુંબઇ

સરસ્વતી પુસ્તક ભંડાર
ઠે. રતનપોળ હાથીખાના,
અમદાવાદ

મેઘરાજ જૈન પુસ્તક ભંડાર
ઠે. ગુલાલવાડી ગોડીજીની ચાલ નં. ૧
મુંબઇ